સુવિચાર
કેળવણી એટલે વધારે ને વધારે જાણવું. એટલું જ નહીં પણ વધારે ને વધારે સારા થવું
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૬/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ જેઠ વદ–૪ વર્ષ : ૧૫ અંક : ૧૪૮

## દેશનાં પાટનગર નવી દિલ્હી ખાતે મીડિયા જગતમાં ચર્ચા શરૂ

# આગામી ૬ મહિનામાં લોકસભાની ચૂંટણીનાં એંધાણ

**રાજસ્થાન, એમ.પી., તેલગંણા, છત્તીસગઢ અને મિઝોરમ વિધાનસભાની ચૂંટણી સાથે જ લોકસભાની ચૂંટણી યોજાઈ તેવી ચર્ચા શરૂ**

**વર્ષ ૨૦૦૪માં સાઈનીંગ ઈન્ડિયાનાં નારા વચ્ચે નિર્ધારિત સમય કરતાં ૬ મહિના પહેલા ચૂંટણી યોજાઈ હતી**

**મહારાષ્ટ્ર, હરિયાણા અને ઓરિસ્સામાં પણ વહેલી ચૂંટણી યોજાઈ તો નવાઈ નહી**

**સત્તાધારી સહિતનાં તમામ રાજકીય પક્ષોની ગતિવિધિ તેજ બની હોય લોકસભાની ચૂંટણી વહેલી થવાની હોવાનું એક તારણ**

અમરેલી, તા. ૬

આમ તો લોકસભાનો નિધારિત સમય આગામી મે–૨૦૨૪માં પૂર્ણ થઈ રહ્યો છે પરંતુ નિર્ધારિત સમય કરતાં ૬ મહિના વહેલા લોકસભાની ચૂંટણી યોજાઈ તેવી ચર્ચાએ દેશનાં પાટનગરમાં જોર પકડેલ છે. જો કે સત્તાવાર રીતે હજુ કોઈ સંકેત વહેલી ચૂંટણીનાં જોવા મળતા નથી.


આગામી ઓકટોબર બાદ ગમે તે સમયે રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલગાંણા અને મિઝોરમ વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ શકે તેમ હોય વર્તમાન પરિસ્થિતિ જોતા લોકસભાની ચૂંટણી પણ નવેમ્બર–ડિસેમ્બરમાં થવાની શકયતાઓ મીડિયા જગત જોઈ રહ્યું છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### વાવાઝોડાની શકયતાને ધ્યાને રાખી

## જાફરાબાદ અને પિપાવાવ પોર્ટ ઉપર ૧ નંબરનું સિગ્નલ લગાવાયું

**માચ્છીમારોને દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી**



અમરેલી, તા. ૬

અરબી સમુદ્રમાં વાવાઝોડું ઉભું થયેલ છે જેના પગલે રાજયનાં તમામ પોર્ટ ઉપર ૧ નંબરનું સિંગ્નલ લગાવાયું છે. જેના પગલે અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠાનાં જાફરાબાદ તથા પિપાવાવ પોર્ટ ઉપર પણ ૧ નંબરનું સિંગ્નલ લગાવાયું છે.

જો કે વાવાઝોડાની શકયતા વાળી સિસ્ટમ હાલ પોરબંદરથી ૧૧૬૦ કિ.મી. દૂર દરિયામાં હોય વહિવટી તંત્ર ધ્વારા માચ્છીમારોને દરિયો ન ખેડવા અગાઉથી સુચના આપવામાં આવતાં તમામ ૭૦૦ જેટલી બોટ હાલ દરિયા કિનારે લાંગરી દેવામાં આવેલ છે.

### છેલ્લા ઘણા મહિનાઓથી અનિયમિત બસની ફરિયાદ વધી રહી છે

## બગસરા બસ સ્ટેન્ડમાંથી ઉપડતી લાંબા અંતરની બસ દોઢ કલાક મોડી ઉપડતા મુસાફરોનો હલ્લાબોલ

**પેધી ગયેલ કર્મચારીઓનો કાન આમળવાની કોઈનામાં હિંમત નથી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૬

બગસરાથી કૃષ્ણનગર જતી ગુર્જરનગરી બસ વહેલી સવારે ૪:૪૫ કલાકે ઉપડતી બસ કોઈ કારણોસર દોઢ કલાક મોડી પડતા પેસેન્જરમાં હલ્લાબોલ મચી આવું તો અનેકવાર બન્યું છે. ત્યારે આ નિર્ભર તંત્રને કયારે આંખ ઉઘડશે જોકે જાગૃત પેસેન્જર દ્વારા આ બાબતે વ્યકિતગત રીતે કાગળ ઉપર આનો ખુલાસો માંગવામાં આવશે. જે જે અધિકારીઓ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભા નજીક આવેલ

## પચપચીયા ગામ પાસે કાર ચાલકનો ચહેરો સ્ટીયરીંગમાં અથડાતા મોત

**ગીરગઢડા પંથકનો યુવક રાજુલા જતાં બન્યો બનાવ**

અમરેલી, તા. ૬

ગીરગઢડા તાલુકાનાં ખીલાવાડ ગામે રહેતા યુનુસભાઈ કાળુભાઈ ઝાંખરા તથા તેમના મિત્ર વિજયભાઈ બાબુભાઈ મકવાણા બન્ને મિત્રો ખલાવાડથી રાજુલા સ્પેરપાર્ટ લેવા માટે ઈકો કાર નં. જી.જે.–૦૧એફટી ૬૫૯૮ લઈને જતાં હતા. ત્યારે કાર ચાલક વિજયભાઈ બાબુભાઈ મકવાણાએ ખાંભા તાલુકાનાં પચપચીયા ગામ પાસે બેફીકરાઈથી કાર ચલાવી પોતાનું મોં સ્ટેરીંગ સાથે અથડાવી દેતા તેમને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયાની ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલીનાં ચિતલ ગામ નજીક

## અમરેલીનાં આશાસ્પદ યુવક તિલક સોલંકીનું બાઈક અથડાતા મોત

**અજાણ્યા વાહનચાલક સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ**

અમરેલી, તા. ૬

અમરેલીનાં સિધ્ધિ વિનાયક સોસાયટીમાં રહેતા અને નિવૃત્ત જીવન પસાર કરતાં અરવિંદભાઈ કરશનભાઈ સોલંકી નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધાનાં એકનાં એક પુત્ર તિલકભાઈ (ઉ.વ. ૨૭) બાબરા ખાતે એચડીએફસી બેન્કમાં નોકરી કરતા હોય. ત્યારે આજે વ્હેલી સવારે આ તિલકભાઈ પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે. ૧૪ એસી ૦૧૫૧ લઈ બાબરાથી અમરેલી આવી રહ્યાં હતા ત્યારે ચિતલ–અમરેલી વચ્ચે કોઈ અજાણ્યા વાહનચાલકે આ યુવકને હડફેટે લઈ ગંભીર ઈજાઓ કરી મૃત્યુ નિપજાવ્યાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

### બાબરા નજીક આવેલ

## ઈશ્વરીયા ગામે હાથબત્તીનાં અજવાળે જુગાર રમતાં ૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**રોકડ રકમ રૂા. ૧૦૧૯૦ની મત્તા કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૬

બાબરા તાલુકાનાં ઈશ્વરીયા ગામે રહેતા મુન્નાભાઈ હંસરાજભાઈ બાવળીયા નામનાં સહિત ૮ પત્તાપ્રેમીઓ ડુંગરની ધારમાં ખુલ્લી જગ્યામાં હાથબત્તીનાં અજવાળે તીનપત્તીનો જુગાર રમતા હોય, આ અંગે બાબરા પોલીસે બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા. ૧૦૧૯૦ની મતા સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલીમાં સાયન્સ માત્ર ૩૬૦૦૦ વાર્ષિક ફી માં...
આ ફી સિવાય સ્કૂલ કે JEE, NEET કે ગુજકેટ માટે અન્ય કોઈ ફી લેવામાં આવતી નથી
(NCERT - JEE - NEET - GUJCET)
ધોરણ-૧૧ માં પ્રવેશ ચાલુ છે જુજ સીટ જ બાકી...

જાગાણી ધર્મેશ
P.R.99.90

ગજેરા આયુષ
P.R.98.41


લાખાણી સુમંત
P.R.97.96
ધોરણ ૧૦માં A1 ગ્રેડ મેળવનારને સંપૂર્ણ સ્કૂલ ફી માફ અને A2 ગ્રેડ મેળવનારને માત્ર ૨૫૦૦૦ ફી
JEE - NEET - GUJCET નિઃશુલ્ક કોચિંગ આપતી સંસ્થા
- AC સ્માર્ટ કલાસ રૂમ
- અનુભવી અને કવોલિફાઈડ શિક્ષકોની ટીમ દ્વારા શિક્ષણકાર્ય
- Physics, Chemistry, Biology, Computer ની સુસજ્જ પ્રયોગશાળા
- ATL Lab દ્વારા રોબોટીકસ લેવલનું શિક્ષણ
- આપના બાળકના ભવિષ્યનો પ્રશ્ન હોય, સંસ્થા પરિવાર આપની રૂબરૂ મુલાકાત માટે આવકારે છે.
શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ ફોર સાયન્સ
સ્થળ : વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી. ફોન નં. ૯૪૨૬૨ ૩૫૩૩૫

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

Sheetal

• દૂધ • દહીં • છાશ
• બટર • પનીર • ઘી • શ્રીખંડ
• ફ્લેવર્ડ મિલ્ક • કેરીનો રસ
• કેસર ડ્રાયફ્રુટ બાસુંદી
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 02792-220867 - 95109 59954
સમય : સવારે 08:00 થી રાત્રે 11:00
આજે જ પધારો, આપની એક મુલાકાત કાયમી યાદગાર બની રહેશે...

# અમરેલી ખાતે ભાજપ સુશાસનનાં ૯ વર્ષ પુર્ણ થતાં 'સંપર્કથી સમર્થન' કાયક્રમ યોજાયો



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારનાં સુશાસનના ૯ વર્ષ પુર્ણ થતા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજન કરવામાં આવેલ કાર્યક્રમો સદર્ભમાં અમરેલી ખાતે સંપર્કથી સમર્થન અંતર્ગત અમરેલી જિલ્લા લેઉવા પટેલ સમાજનાં અધ્ય કાંતિભાઈ વઘાસીયા સેવાભાવી ડો.એસ.આર.દવે, નિતિનભાઈ શાયાણી, સી.એ.એ.બી. કોઠીયા, વિશા શ્રીમાળી, યુવા ગ્રૃપનાં પુર્વ અધ્યક્ષ વીરેનભાઈ રાજપરા, જેવા વિવિધ અગ્રણીના નિવાસ્થાને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાનાં અધ્યક્ષ મનીષ સંઘાણી શુભેચ્છા મુલાકાત લીધી ત્યારે અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોલીયા, શહેર મંત્રી તુષારભાઈ વાણી, અમરેલી શહેર યુવા મોરચા મહામંત્રી જાતિન સાવલિયા અને વિશાલભાઈ ઠાકર ઉપસ્થિત રહયા હતા. અને આ નવ વર્ષ દરમીયાન સરકાર દ્વારા કરવામાં આવેલ વિવિધ કાર્યો અને વિકાસની વાતો કરી

### જિલ્લા શિક્ષણ સમિતિનાં ચેરમેનની માંગ

## ખેતીવાડી વીજ કનેકશનમાં લોડ વધારાની યોજનામાં ટેસ્ટીંગ રિપોર્ટ મરજીયાત કરો

### રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માંગ કરી

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયમાં હાલ ખેતીવાડીનાં કનેશનમાં લોડ વધારવા માટે સ્કીમ કાર્યરત છે જે ખેડૂતોના હિત માટે સરકાર દ્વારા સારી યોજના છે. પરંતુ આ યોજનાનો હેતુ ખેડૂતોને લોડ વધારો નજીવા દરે અને ઓછા ખર્ચમાં મળી રહે તેવો છે પણ હાલમાં પી.જી.વી.સી.એલ. દ્વારા લોડ વધારામાં પણ ખેડૂતો પાસે ટેસ્ટીંગ રિપોર્ટ મંગાવવામાં આવે છે જે ટેસ્ટીંગ રિપોર્ટનો ખર્ચ ઘણો વધારે છે અને સરકાર દ્વારા લોડ વધારાની યોજના ખેડૂતોને ઓછા ખર્ચમાં લોડ વધારો મળે તે હેતુ હતો. પરંતુ તે હેતુ સાર્થક થઈ રહ્યો નથી. તેથી લોડ વધારાની સ્કીમમાં ટેસ્ટીંગ રિપોર્ટ મરજીયાત કરવા અંતમાં માંગ કરેલ છે.

## રાજુલા : એચ.બી. સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજનું ઉજજવળ પરિણામ





રાજુલા, તા. ૬

શ્રીમતિ એચ.બી. સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજનું બી.કોમ. સેમ. ૬નું ઉજજવળ પરિણામ મેળવેલ, પ્રથમ ક્રમે ડોડીયા જલ્પાબેન લાલજીભાઈ ૮૭.૭૧ ટકા, દ્વિતિય ક્રમે જગડા નંદીનીબેન કેતનકુમાર ૮૩ ટકા, તૃતિય ક્રમે માલણકિયા અંકિતાબેન મનસુખભાઈ ૮૧.૮૬ ટકા સાથે ઉતીર્ણ થાય છે. આ સાથે કોલેજનું ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરેલ છે. ટ્રસ્ટી તથા કેમ્પસ ડાયરેકટર ડો. જીગ્નેશભાઈ વાજા, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, આચાર્યા ડો. રીટાબેન રાવળ તથા પ્રાધ્યાપક વતી અભિનંદન સાથે ઉત્તરોતર સિધ્ધિની શુભકામના પાઠવવામાં આવે છે.

### માનવ અધિકાર કાર્યકર્તાની મુખ્યમંત્રી સમક્ષ માંગ

## અનુ.જાતિ અને અનુ.જનજાતિ ઉપર થતાં અત્યાચારો રોકવા કાયદાની કડક અમલવારી કરો

### સ્ટેટ વિજીલન્સ અને મોનીટરીંગ બેઠક નિયત સમયે બોલાવો

અમરેલી, તા. ૬

અમરેલીનાં ચિતલ ગામનાં માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને રાજયમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના લોકો પર થતાં અત્યાચાર સામે રક્ષણ આપતાં અનુસૂચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯, સુધારા અધિનિયમ ૨૦૧૫, નિયમ ૧૯૯૫ અને ૨૦૧૬ની જોગવાઈઓના કડક અમલીકરણ માટે સ્ટેટ વિજિલન્સ અને મોનીટરીંગ કમિટીની નિયમિત મિટિંગ બોલાવવા માંગ કરવામાં આવી છે.

વુધમાં જણાવેલ છે કે, હાલના સમયમાં રાજયમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના લોકો પર અનેક પ્રકારે ગંભીર અત્યાચાર બેફામ –બેરોકટોક ચાલુ છે, વરઘોડો ન કાઢવા દેવો, ઘોડા પર વરરાજાને ન બેસવા દેવા, જાહેરમાં આભડછેટ પાળવી, જાહેર જગ્યાએ ઘુસવા ન દેવા, મૂછો રાખવામાં આવે તો માર મારવો, હત્યા કરવી, જાહેરમાં ભેદભાવ રાખી અપમાનિત કરવા, અનુસૂચિત જાતિના શિક્ષકને ગામડામાં ભાડે મકાન ન આપવું જેવા બનાવો રોજબરોજ બની રહ્યા છે.

આવા હીન અને માનવ અધિકારોના ભંગ સમાન અત્યાચારોને અટકાવવા, કાબુમાં લેવા, ન્યાયિક કાર્યવાહી કરી ન્યાય મળે તેવી ન્યાયિક કાર્યવાહી કરવા, ભોગ બનેલાઓનું પુનઃવસન, વળતર સહિતની જોગવાઈઓ સાથે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯, સુધારા અધિનિયમ ૨૦૧૫, આ કાયદાના નિયમો ૧૯૯૫ અને ૨૦૧૬ અમલમાં છે.

વધુમાં જણાવેલ છે કે, આ કાયદો અને કાયદાની જોગવાઈઓ મુજબ રાજયમાં આ કાયદાનું કડક અમલીકરણ થાય છે કે નહીં તેની સમીક્ષા કરવા અને સબંધિત એનફોર્સમેન્ટ એજન્સી (અમલીકરણ તંત્ર)ઓને જરૂરી સૂચના/હુકમો આપવા રાજયના મુખ્યમંત્રીની અધ્યક્ષ સ્થાને વિસ સભ્યોની જેમાં ડીજીપી, ગૃહ, સામાજિક ન્યાય અધિકારીતા, નાણાં, મહેસુલ મંત્રીઓ, સચિવો અને ધારાસભ્યો અને સાંસદોની બનેલ એક હાઈ લેવલની રાજય તકેદારી અને મોનીટરીંગ કમિટીની આ કાયદાના નિયમ ૧૬ મુજબ રચના કરવાની જોગવાઈ છે જે દર છ મહિને જાન્યુઆરી અને જુલાઈમાં ફરજીયાત પણે મળે અને કાયદાના અમલીકરણની સમીક્ષા કરી, સંસદે બનાવેલ કાયદાના હેતુને સાર્થક કરવાની જવાબદારી રાજયના મુખ્યમંત્રીના હોદ્દાની રૂએ આપની થતી હોય.

તાત્કાલિક આ કાયદાની જોગવાઈ મુજબ રાજય તકેદારી અને મોનીટરીંગ સમિતિની મિટિંગ બોલાવશો અને અનુસૂચિત જાતિ અને જનજાતિ વર્ગના લોકોના બંધારણીય અને માનવ અધિકારોના હનન સામે રક્ષણ આપતા આ કાયદાનું કડકપણે અમલીકરણ કરાવો તેવી માંગ અંતમાં કરેલ છે.

## વાહન તથા લાયસન્સના ઓનલાઈન સેલ્ફ બેકલોગની ફેસલેસ સુવિધા પુન : રાબેતા મુજબ શરૂ

અમરેલી તા. ૬

જૂના વાહનોની આર.સી. બુક તથા જૂના લાયસન્સના બેકલોગની પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા હેતુથી મિનિસ્ટ્રી ઓફ રોડ અને ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા જરૂરી દસ્તાવેજો તથા મંજૂરીની પ્રક્રિયા સૂચિત ફેરફારોને એન.આઈ.સી. દ્વારા પરિવહન વેબસાઈટ પર આવરી લઈ વાહન તથા લાયસન્સના સેલ્ફ બેકલોગની (ઓનલાઈન બેકલોગ) ફેસલેસ સુવિધા ફરીથી શરૂ કરવામાં આવી છે. તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### જૈવિક વિવિધતા જાણવા અને તેના રક્ષણ માટે પ્રવાસ શરૂ

## સાવરકુંડલા ખાતે જર્મનીથી સાઈકલ લઇને નીકળેલ દંપત્તિ વનપ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટની કામગીરીથી પ્રભાવિત

### વિવિધ બ્રેકફાસ્ટ અને કાઠીયાવાડી શાકાહારી ભોજનનો સ્વાદ માણ્યો




સાવરકુંડલા, તા. ૬

આમ તો આ જર્મન દંપતિ સાયકલ ઉપર સવારી કરી વિશ્વના યૂરોપ અને એશિયાના અનેક દેશોમા જૈવિક વિવિધતાના અનુસંધાર્થે સાયકલ પર સવાર થઈને નીકળી પડયું છે. જૈવિક વૈવિધ્ય સંદર્ભે જુદાજુદા સાંપ્રત પ્રોજેકટ અંતર્ગત એનાં પ્રારંભિક પ્રોત્સાહન આપવા માટે પણ સ્થાનિક લોકો સાથે સંવાદ કરતાં જોવા મળ્યા હતાં અને આમ તેણે સાવરકુંડલા આસપાસના વન્ય વિસ્તારોમાં જીવસૃષ્ટિની વૈવિધ્યતા સંદર્ભે માહિતી મેળવી હતી.

આમ તો તેનું લક્ષ્ય તો વીશ કરતાં વધુ દેશોના સાયકલ પ્રવાસ દરમિયાન જૈવિક વૈવિધ્યના રક્ષણ માટેનું રીસર્ચ કરવાની નેમ છે. જો કે હજુ બાર કરતાં વધુ દેશોમાં સાયકલ પર પ્રવાસ કરીને ભારત દેશમાં પધારેલ છે.

એ તો એમણે પણ સ્વીકાર્યું કે જૈવિક વૈવિધ્યના રક્ષણ માટે લોકજાગૃતિ કેળવવી પડશે. માત્ર કાગળ પર વાતો કર્યે નહી ચાલે એને મૂર્ત સ્વરૂપ આપવા માટે વાસ્તવિક ભૂમિ પર પગ મૂકવો પડશે.

આમ સાવરકુંડલા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિને પણ તેમણે બિરદાવી સાથે સાથે આવી પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ ખૂબ જ જવલ્લે જોવા મળે છે તેનો અફસોસ પણ વ્યકત કર્યો. તેઓએ નોર્મલ રેન્જ વન વિભાગ સાવરકુંડલાની પણ મુલાકાત લીધી હતી અને વન્ય વૈવિધ્યતા સંદભે માહિતી મેળવી હતી. તેમને સમગ્ર ગીરનું માર્ગદર્શન અને માહિતી બોટાદ જિલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડન વિક્રમભાઈ ગઢવી દ્વારા સાથે રહીને આપતા જોવા મળેલ.

## બાબરા યાર્ડનાં કર્મચારી સિકંદરખાન પઠાણનું માર્ગ અકસ્માતમાં મોત



બાબરા, તા. ૬

બાબરામાં માર્કેટીંગયાર્ડમાં એમ્બ્યુલન્સમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા સિકંદરભાઈ બચુભાઈ પઠાણ(ઉ.વ.૫૧)નું થોડા દિવસો પહેલા અહીં રાજકોટ–ભાવનગર રોડ પર હોટેલ હોનેસ્ટ નજીક માર્ગ અકસ્માત થતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. પ્રથમ બાબરા અને વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. જયાં થોડા દિવસની સારવાર બાદ ગત મોડી રાત્રે મૃત્યુ નિપજતા બાબરા શહેરમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

સિકંદર પઠાણ ખુબ જ સેવાભાવી અને મળતાવડા સ્વભાવનાં વ્યકિત હતા. વર્ષોથી માર્કેટીંગયાર્ડમાં એમ્બ્યુલન્સમાં સેવા આપતા હતા તેમજ કોવિડ–૧૯માં તેમની સેવાની નોંધ સમગ્ર શહેરમાં લેવામાં આવી હતી.

તેમની અંતિમ વિધિમાં માર્કેટીંગ યાર્ડના કર્મચારીઓ સહિત મિત્રો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સદ્ગતને શ્રધ્ધાંજલી પાઠવી પરિવારને સાંત્વના પાઠવી હતી.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### અમરેલી નજીક આવેલ

## મોણપુર ગામે વાડ સળગાવી દેવાનાં મનદુઃખે ખેડૂત યુવકને માર મારી ઈજા

### શેઢા પડોશી સામે ખેડૂતે પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકાનાં મોણપુર ગામે રહેતા અને ખેતીકામ કરતાં પ્રતિકભાઈ અશોકભાઈ ભાલાળા નામનાં ૨૬ વર્ષિય ખેડૂત યુવકનાં શેઢાપડોશી ચેતનભાઈ વિહાભાઈ ડેરે પોતાના ખેતરનાં શેઢા પર વાડ સળગાવેલ. જેથી નજીકમાં આ ખેડૂત યુવકનાં શેઢાની વાડ પણ સળગી જતાં ખેડૂત યુવકે થોડે દૂર સળગાવતા હોય તો અમારી વાડ સળગે નહી તેમ કહેતા શેઢા પડોશી ચેતનભાઈ ડેર તથા જીતુભાઈ વિહાભાઈ ડેરને સારૂ નહી લાગતા ખેડૂત યુવકને લોખંડનો પાઈપ તથા લાકડી વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫

પ્રવેશની ઉત્તમ તક...

ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

www.mdscollege.org

### આ પહેલા એપ્રિલ મહિનામાં ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો

# અદાણીએ CNGના ભાવમાં કર્યો વધારો, નવો ભાવ ૭૫.૦૯ રૂપિયા થયો

## દેશની રાજધાનીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી, તે જ સમયે, કેટલાક શહેરોમાં ઇંધણની કિંમતમાં ફેરફાર થયો છે

અમદાવાદ, તા.૬

મોંઘવારીના મોરચે આમ આદમીને મોટો ફટકો પડ્યો છે. ગુજરાતમાં અદાણીએ સીએનજીના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી છે. અદાણીએ સીએનજીના ભાવમાં ૮૦ પૈસાનો વધારો કર્યો છે. આ ભાવ વધારા બાદ અમદાવાદ શહેરમાં સીએનજીનો નવો ભાવ ૭૫.૦૯ રૂપિયા થઈ ગયો છે.

ભારત સરકારના ભાવ ઘટાડાના ૨ મહિના બાદ આ વધારો કરવામાં આવ્યો છે. આ પહેલા એપ્રિલ મહિનામાં ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો. કેબિનેટે કુદરતી ગેસના ભાવ માટે નવી કિંમત નિર્ધારણ પદ્ધતિની જાહેરાત કરી હતી. આ નવી સિસ્ટમની જાહેરાત બાદ જ CNG અને PNGના ભાવમાં ઘટાડો થયો હતો. કેબિનેટનો આ નિર્ણય અર્થશાસ્ત્રી કિરીટ પરીખની આગેવાની હેઠળની નિષ્ણાત પેનલની ભલામણો પર આધારિત છે. આ અંગે કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું હતું કે, મંત્રીમંડળે APM ગેસ માટે ૪ ડોલર પ્રતિ MMBTUના આધારે મૂલ્યને મંજૂરી આપી હતી અને અધિકત્તમ મૂલ્ય ૬.૫ ડોલર પ્રતિ MMBTU રાખવા પર મહોર લગાવવામાં આવી.ઘરેલુ ગેસની કિંમત હવે ભારતીય ક્રૂડ બાસ્કેટના વૈશ્વિક ભાવના મંથલી એવરેજના ૧૦ ટકા છે. દર મહિને તેમાં ફેરફાર કરવામાં આવે છે. તેનાથી PNG, CNG, ફર્ટિલાઈઝર પ્લાન્ટ વગેરેને ફાયદો થયો છે. જેનો સીધો લાભ સામાન્ય લોકોથી લઈને ખેડૂતો, ગાડી ચલાવનારાઓને થયો છે.

મોદી સરકારના આ નિર્ણયને પગલે CNGના ભાવમાં પ્રતિ કિલો ૮થી વધુ રૂપિયાનો ઘટાડો થયો હતો. જ્યારે PNGના ભાવમાં પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિટ મીટરે ૫થી વધુ રૂપિયાનો ઘટાડો થયો હતો. દેશની રાજધાનીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. તે જ સમયે, કેટલાક શહેરોમાં ઈંધણની કિંમતમાં ફેરફાર થયો છે. બીજી તરફ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતમાં ઘટાડો થયો છે. WTI ક્રૂડ ઓઈલ ૦.૩૬ ટકા ઘટીને $71.89 પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું છે. તે જ સમયે, બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ૦.૦૯ ટકા ઘટીને $76.46 પ્રતિ બેરલ થઈ ગયું છે. જે શહેરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થયો છે તેમાં નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ, પટના અને અન્ય રાજ્યોના શહેરોનો સમાવેશ થાય છે. નવી દિલ્હીમાં ૬ જૂન, ૨૦૨૩ના રોજ પેટ્રોલની કિંમત રૂ. ૯૬.૭૨ અને ડીઝલ રૂ. ૮૯.૬૨ પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું છે.

આર્થિક રાજધાની મુંબઈમાં પેટ્રોલ ૧૦૬.૩૧ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૯૪.૨૭ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું છે. કોલકાતામાં પણ પેટ્રોલની કિંમત ૧૦૬.૦૩ રૂપિયા અને ડીઝલની કિંમત ૯૨.૭૬ રૂપિયા પ્રતિ લીટર છે. ચેન્નાઈમાં પણ પેટ્રોલની કિંમત ૧૦૨.૬૫ રૂપિયા અને ડીઝલની કિંમત ૯૪.૨૫ રૂપિયા પર સ્થિર છે.

### ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદ

# વરસાદથી અનેક નીચાણવાળા વિસ્તારોમાં ભરાયા પાણી

## મોડી રાત્રે જિલ્લાના મોડાસા, ભિલોડા, બાયડ, મેઘરજમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો

અમદાવાદ, તા.૬

બનાસકાંઠા જિલ્લામાં મોડી રાત્રે વરસેલા ધોધમાર વરસાદે ફરી એક વખત પ્રશાસનની પોલ ખોલી છે. મોડી રાત્રે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડ્યો છે.

ધોધમાર વરસાદના કારણે પાલનપુર શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. તો અમદાવાદ-આબુ હાઈવે પર ચાર ફૂટ સુધીના પાણી ભરાતા પાંચ કિલોમીટર સુધી લાંબો ટ્રાફિકજામ થયો. ટ્રાફિકજામના કારણે ગ્રામ્ય વિસ્તારમાંથી સ્કૂલે આવતા વિદ્યાર્થીઓ પણ પરેશાન થયા હતા. તો અરવલ્લી જિલ્લામાં મોડી રાત્રે ભારે પવન સાથે સાર્વત્રિક વરસાદ પડ્યો છે. મોડી રાત્રે જિલ્લાના મોડાસા, ભિલોડા, બાયડ, મેઘરજમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. ભારે પવન સાથેના વરસાદથી અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હતા. તો મોડાસા-શામળાજી હાઈવે પર આવેલી હોટલના છતના પતરા ઉડ્યા હતા. તો ભિલોડાના રામનગર ગામમાં રહેણાંક મકાનના છતના પણ પતરા ઉડ્યા હતા. તો સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, વડાલી સહિતના પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો છે. હિંમતનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના ગઢોડા, હડિયોલ, સાબરડેરી પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. તેજ પવન સાથેના વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારમાં વીજળી ગૂલ થઈ હતી. આ સમયે દેશના મોટાભાગના રાજ્યોમાં વાતાવરણ ખુશનુમા છે. છેલ્લા કેટલાક સપ્તાહથી ગરમીના પ્રકોપમાંથી લોકોને રાહત મળી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હી-એનસીઆર, યુપી, રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં હવામાન શુષ્ક રહેવાની સંભાવના છે. મંગળવાર, ૬ જૂને મોટાભાગના રાજ્યોમાં હવામાન સૂકું રહેવાની ધારણા છે. બીજી તરફ, ૭ જૂન, બુધવારે તાપમાનમાં વધારો થઈ શકે છે. દિલ્હીમાં ગઈકાલે રાત્રે વરસાદ પડ્યો હતો, જેના કારણે લોકોને આકરી ગરમીથી રાહત મળી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. ૬ જૂને ઈન્દિરાપુરમ, નોઈડા, ગુરુગ્રામ, ફરીદાબાદ, લોની દેહત, હિંડન એરફોર્સ સ્ટેશન, ગાઝિયાબાદ, દાદરી, ગ્રેટર નોઈડાની આસપાસના વિસ્તારોમાં આગામી ૨ કલાક દરમિયાન વરસાદ પડી શકે છે. તે જ સમયે, યુપીના કેટલાક વિસ્તારોમાં પણ ભારે વરસાદની આશંકા છે. જો કે વરસાદ બાદ સૂર્યનો પ્રબળ તાપ પણ લોકોને પરેશાન કરી શકે છે.

### બેરોજગારી પર બબાલ

# બેરોજગારી મુદ્દે રાજકારણ ગરમાયું, અનેક મુદ્દાઓને લઈને કોંગ્રેસે કર્યા આક્ષેપ

## કામદાર અને કર્મચારીઓનું શોષણ થાય છે, સચિવાલયમાં કામ કરતા લીફ્ટમેનને ૭ હજાર જ પગાર ચૂકવાય છે : કોંગ્રેસ નેતા

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં બેરોજગારી મુદ્દે વિપક્ષ કોંગ્રેસે ફરી એક વખત સરકાર પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે કે, ગુજરાતમાં યુવાનોનું શોષણ થઈ રહ્યું છે યુવાનોએ મંચ પર આવી આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

સરકારની સહાય પ્રાપ્ત કરનાર ઉદ્યોગોમાં ૮૫% સ્થાનિકોને રોજગારીનો નિયમ હોવા છતાં ગુજરાત સરકાર રોજગારી આપતી નથી. જે સમગ્ર મામલે ભાજપે પણ પ્રતિક્રિયા આપી છે.

કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે, ગુજરાતના યુવાનોને અન્યાય થઈ રહ્યો છે કામદાર અને કર્મચારીઓનું શોષણ થાય છે. સચિવાલયમાં કામ કરતા લીફટમેનને ૭ હજાર જ પગાર ચૂકવાય છે ગુજરાત ભાજપ સરકારમાં સરકારના માનીતા લોકો કર્મચારીઓનું શોષણ કરી રહ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ગુજરાતના યુવાનોને કાયમી નોકરી મળતી નથી અને યુવાનોનું શોષણ થાય છે. યુવાનોએ મંચ પર આવી આક્રોશ વ્યક્ત કર્યો છે તેમજ સરકારની સહાય પ્રાપ્ત કરનાર ઉદ્યોગોમાં ૮૫% સ્થાનિકોને રોજગારીનો નિયમ છે. પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપની સરકાર છે. સરકારના માનીતા લોકો કર્મચારીઓનું શોષણ કરી રહ્યા છે તેમજ કાયદા પ્રમાણે સપ્તાહના ૪૮ કલાકથી વધુ કામ ન લઈ શકાય.

બીજી તરફ ગુજરાત ભાજપના નેતા યમલ વ્યાસ બેરોજગારી અંગે જવાબ આપ્યો છે. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસે યુવાનો સાથે અને ગુજરાતના નાગરિકો સાથે તમામ પ્રકારનો સંપર્ક ગુમાવી ચુકી છે. કોંગેસને ખબર નથી કે ગુજરાતમાં બેકારીનો દર ઓછામાં ઓછામાં છે, જે કોંગ્રેસ માનવા તૈયાર નથી. તેમણે વધુમાં ઉમેર્યું કે, ગુજરાત ડેરી ઉધોગમાં દેશમાં સૌથી આગળ છે અને કોંગ્રેસને ભાજપ સરકાર સારુ કામ કરે છે તેમને ક્યારેય પચતુ નથી.

### અમદાવાદ અને સૌરાષ્ટ્રમાં વેચવાનું કારસ્તાન પોલીસે ઝડપી પાડ્યુ

# રથયાત્રા પહેલા હથિયારના જથ્થા સાથે બે આરોપીની કરાઇ ધરપકડ

## અમદાવાદના દાણીલીમડા ખાતેથી આરોપીને ઝડપી કાનુની કાર્યવાહી હાથ ધરી છે

અમદાવાદ, તા.૬

રથયાત્રા પૂર્વે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હથિયારના જથ્થા સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. મહત્વનું છે કે આરોપીએ ઉત્તરપ્રદેશથી હથિયાર લાવી ગુજરાતમાં વેચવાનો પ્લાન બનાવ્યો હતો પણ હથિયારોનો સોદો થાય તે પહેલા જ આરોપીને ઝડપી પાડ્યા છે. ક્રાઈમ બ્રાંચને હાથે ઝડપાયેલા બે આરોપીઓ પાસેથી ૨ પિસ્ટલ સહિત ૭ હથિયાર અને ૧૫ કારતુસ કબ્જે કર્યા છે.

આરોપી શાદાબઆલમ શેખ મૂળ ઉત્તર પ્રદેશનો રહેવાસી છે અને અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં રહે છે. આરોપી ઉત્તર પ્રદેશના કાનપુરથી તમામ હથિયારો લાવી અમદાવાદ અને સૌરાષ્ટ્રમાં વેચવાનો હતો. જોકે પોલીસ દ્વારા આરોપીની સાથે રબનવાઝખાનની પણ ધરપકડ કરવામાં આવી છે, તેની પાસે બે હથિયાર મળી આવ્યા હતા. આરોપી રબનવાઝખાનની પૂછપરછ દરમ્યાન આ બંને હથિયારો શાદાબઆલમે આપ્યા હોવાનું ખુલ્યું અને વધુ તપાસ કરતા બીજો આરોપી પણ મળી આવ્યો હતો.

પોલીસની તપાસમાં સામે આવ્યું કે આરોપી શાદાબ આલમ કાનપુરથી પિસ્ટલ ૧૫ હજાર રૂપિયામાં લાવીને ૩૫ હજાર રૂપિયામાં વેચવાનો હતો. એટલું જ નહીં પણ આ હથિયાર સૌરાષ્ટ્રમાં વેચવાનો હતો. પ્રાથમિક તપાસમાં એ હકીકત પણ સામે આવી કે હથિયાર ખરીદનાર ગ્રાહકો પોતાની દુશ્મનાવટ અને મોજ-શોખ તેમજ રોંફ જમાવવા માટે આ હથિયાર ખરીદવાના હતા. આરોપી આ હથિયાર યુપીથી લક્ઝરી બસમાં લાવ્યો હોવાની પણ બાબત સામે આવી છે. ત્યારે બન્ને આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેવું પણ તપાસમાં સામે આવ્યું છે. હવે પોલીસ એ બાબતે તપાસ શરૂ કરી છે કે હથિયાર ખરીદનાર કોણ હતા. સાથો સાથ યુપીમાંથી આ હથિયાર આરોપીઓને કોણે આપ્યા હતા. આરોપીઓ આ પહેલા કેટલા હથિયારો યુપીથી લાવીને ગુજરાતમાં વેચી ચૂક્યા છે તે તમામ બાબતે ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી છે.

ગુજરાતમાં પહેલીવાર અમદાવાદ જગન્નાથજીની ઐતિહાસિક અને ભવ્ય ૧૪૫મી રથયાત્રા હાઈટેક થવા જઈ રહી છે. જેમાં 3D મેપિંગ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વર્ચ્યુઅલ રિઆલિટી ડ્રોન મેપિંગથી વોચ રાખવામાં આવશે. ૨૨ કિલોમીટરની રથયાત્રાના રૂટનો અભ્યાસ કરી 3D મેપિંગ તૈયાર કરાયુ છે. સાયબર ક્રાઈમ બ્રાંચ અને અનંત યુનિવર્સિટીનાં સંયુક્ત પ્રયાસથી રૂટનું 3D મેપિંગ કરાયુ છે.

### ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા

# સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થતાં રાજ્યમાં વરસાદની આગાહી

## બીજી તરફ કેરળમાં પણ ચોમાસાની શરૂઆતમાં ૩-૪ દિવસનો વિલંબ થશે તેમ કહેવામાં આવી રહ્યું છે

અમદાવાદ, તા.૬

ભારતીય હવામાન વિભાગે આગાહી કરી હતી કે, ગુજરાતમાં આગામી થોડા દિવસ સુધી વરસાદ પડવાની સહેજ શક્યતા છે. જો કે, અધિકારીઓ અરબી સમુદ્રમાં વિકસિત થઈ રહેલા સાયક્લોન સર્ક્યુલેશન પર નજર રાખી રહ્યા છે, જે આગામી સમયમાં તીવ્ર બનવાની શક્યતા છે. 'સોમવારે સાંજે ૫.૩૦ વાગ્યે દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર પર લો-પ્રેશર સર્જાયું હતું. આગામી ૨૪ કલાકમાં તે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધશે અને ડિપ્રેશનમાં કેન્દ્રિત થવાની શક્યતા છે', તેમ આઈએમડી દ્વારા બહાર પાડવામાં આવેલા સ્ટેટમેન્ટમાં કહેવામાં આવ્યું હતું. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આગામી બે દિવસ સર્ક્યુલેશનનો માર્ગ નક્કી કરશે જે સાયક્લોનમાં ફેરવાઈ શકે છે. 'સિસ્ટમ અથવા તો ગુજરાતના દરિયાકાંઠાની વિરુદ્ધ દિશામાં જઈ શકે છે અથવા તો તે ઉત્તર તરફ આગળ વધી શકે છે. જો તે દરિયાકાંઠા નજીક રહેશે, તો કેટલાક વિસ્તારોમાં વરસાદ અને ભારે પવનની શક્યતા છે. પરંતુ આમ કહેવું વહેલું રહેશે', તેમ એક અધિકારીએ કહ્યું હતું. આ દરમિયાન અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૪ ડિગ્રી સેલ્સિઅસ રહ્યું હતું, જે સામાન્ય કરતાં ૧.૩ ડિગ્રી ઓછું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી હતું, જે સામાન્યની બરાબર હતું. મંગળવારે શહેરનું આકાશ સ્વચ્છ રહેવાની શક્યતા છે કારણ કે આગાહી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. આગાહીમાં મંગળવારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, મોરબી અને કચ્છ માટે ભારે પવનની શક્યતા દર્શાવવામાં આવી છે. સોમવારે ૪૧.૮ ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર હતું, ત્યારબાદ સુરેન્દ્રનગરમાં ૪૧.૩ ડિગ્રી અને અમરેલીમાં ૪૦.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કેરળમાં પણ ચોમાસાના પ્રારંભમાં વિલંબ થઈ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા પહેલા ૧ જૂનથી વિધિવત્ રીતે શરૂઆત થશે તેવી આગાહી કરવામાં આવી હતી, જે બાદ ૪ જૂને મેઘરાજાની પધરામણી થશે તેમ કહેવામાં આવતું હતું. પરંતુ હવે ચોમાસામાં ત્રણથી ચાર દિવસનો વિલંબ થશે તેવી આગાહી કરવામાં આવી છે. સોમવારે આઈએમડી દ્વારા બહાર પાડવામાં આવેલા સ્ટેટમેન્ટમાં કહેવામાં આવ્યું હતું કે 'દક્ષિણ અરબી સમુદ્રમાં પશ્ચિમી પવનો વધવાને કારણે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે. ઉપરાંત, પશ્ચિમી પવનોની ઊંડાઈ ધીમે ધીમે વધી રહી છે અને ૪ જૂને તે સરેરાશ દરિયાની સપાટીથી ૨.૧ કિમીની ઊંચાઈ પર પહોંચી હતી. દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર પર વાદળો વધી રહ્યા છે. અમે અપેક્ષા રાખી રહ્યા છીએ કે, કેરળમાં ચોમાસાની શરૂઆત માટે આ અનુકૂળ પરિસ્થિતિઓ આગામી ૩-૪ દિવસ દરમિયાન વધુ સુધરશે'. અલ નીનોની શક્યતા હોવા છતાં હવામાન વિભાગે આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેવાની શક્યતા દર્શાવી છે. આ પહેલા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે કેરળ બાદ દિલ્હી એનસીઆરમાં ચોમાસાનું આગામન થશે. ૩૦ જૂનની આસપાસ આગમન થવાની શક્યતા છે. જો કે, નિષ્ણાતોનું કહેવું હતું કે વરસાદ બાદ પણ ગરમીથી વધારે રાહત નહીં મળે. વાદળછાયું વાતાવરણ રહેવાના કારણે બફારો વધશે. જણાવી જઈએ કે, કેરળમાં ગત વર્ષે ૨૯ મેના રોજ ચોમાસુ બેસી ગયું હતું જ્યારે ૨૦૨૦માં પહેલી જૂન તો ૨૦૧૯માં ૨૯ મેના રોજ પ્રારંભ થયો હતો.

### આગામી વર્ષે દેશમાં લોકસભાની ચૂંટણી

# રાજયના આપના કેટલાક નેતા કાર્યકરો સાથે કેસરિયો ધારણ કરશે

## ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા આપને વધુ એક વખત મોટો ઝટકો લાગી શકે છે

અમદાવાદ, તા.૬

દેશમાં આગમી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવાની છે. ગુજરતમાં લોકસભાની ચૂંટણી પહેલા જ આપમાં ભંગાણ થવાના સમાચાર સુત્રોમાંથી મળી રહ્યા છે. ગુજરાત આપના કેટલાક આગેવાનો કાર્યકરો સાથે કેસરિયો ધારણ કરશે. જો કે હજુ નામોની સત્તાવાર જાહેરાત થઈ નથી. ગુજરાતમાં આપમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા આપને વધુ એક વખત મોટો ઝટકો લાગી શકે છે. સુત્રોમાંથી મળતી અહેવાલ અનુસાર આપપાર્ટીના કેટલાક આગેવાનો ભાજપમાં જોડાઈ કેસરિયો ધારણ કરી શકે છે. આપના કેટલાક કાર્યકરો અને આગેવાનો લોકસભાની ચૂંટણી પહેલા જ કેસરિયા રંગમાં રંગાઈ શકે છે. જો કે હજૂ સુધી આ નામોની સત્તાવાર કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે આ સ્વાગત કાર્યક્રમ યોજાશે. ગુજરાતમાં ગત વર્ષના અંતે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે ભારે રસાકસી રહેશે તેવુ કહેવામાં આવી રહ્યું હતું. જો કે માહોલ અને પરિણામ વચ્ચે ઘણો ફર્ક જોવા મળ્યો હતો. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ બાદ આપના સંગઠન નબળું સાબિત થઈ રહ્યું છે. હવે ફરીથી આમ આદમી પાર્ટીમાં ભંગાણ થવાના સમાચાર સામે આવી રહ્યા છે. આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજનાર છે ત્યારે ગુજરાતમાં આપને મોટો ઝટકો લાગ્યો છે.

### ટ્રેન અકસ્માતની તપાસ સીબીઆઈએ પોતાના હાથમાં લીધી

# સીબીઆઈએ ટ્રેન દુર્ઘટના સ્થળ પર પાટા અને સિગ્નલના રૂમનું નિરીક્ષણ કર્યું

નવી દિલ્હી, તા.૬

ઓડિશાના બાલાસોર જિલ્લામાં થયેલા ટ્રેન અકસ્માતની તપાસ સીબીઆઈએ પોતાના હાથમાં લીધી છે. મંગળવાર (૬ જૂન) એ આ મામલામાં કેસ દાખલ કરી લીધો છે. સીબીઆઈ અધિકારીએ જણાવ્યું કે એક ટીમે બાલાસોર પહોંચીને ઘટનાસ્થળનો પ્રવાસ કર્યો છે. આ રેલ દુર્ઘટનામાં અત્યાર સુધી ૧૭૮ લોકોના મોત થયા છે અને ૧ હજારથી વધુ લોકો ઈજાગ્રસ્ત છે. અધિકારીએ કહ્યુ કે સીબીઆઈએ રેલ મંત્રાલયની વિનંતી, ઓડિશા સરકારની સહમતિ અને કેન્દ્ર સરકારના આદેશો પર કોરોમાંડલ એક્સપ્રેસ, યશવંતપુર-હાવડા એક્સપ્રેસ અને એક માલગાડીથી સંબંધિત ટ્રેન દુર્ઘટનાના સંબંધમાં કેસ દાખલ કર્યો છે. આ દુર્ઘટના ૨ જૂને ઓડિશાના બાહાનગા બજાર સ્ટેશનની પાસે થઈ હતી.

સીબીઆઈની ટીમે મંગળવારે સિગ્નલ રૂમ અને રેલ પાટાઓનું નિરીક્ષણ કર્યું. સાથે બાહાનગા બજાર રેલવે સ્ટેશન પર તૈનાત રેલવાના અધિકારીઓ સાથે પૂછપરછ કરી છે. સીબીઆઈ અધિકારીઓની સાથે ફોરેન્સિક ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. ફોરેન્સિક ટીમે પણ સિગ્નલ રૂટના કર્મચારીઓ સાથે વાત કરી અને ઉપકરણોના ઉપયોગ અને તેના કામ કરવાની રીત વિશે જાણકારી લીધી.

સીબીઆઈ અકસ્માતની ગુનાહિત એંગલથી તપાસ કરશે કારણ કે રેલવેએ અકસ્માત પાછળ તોડફોડ કે બાહ્ય હસ્તક્ષેપની શક્યતા વ્યક્ત કરી છે. આ અકસ્માત બાદ ૩ જૂને ઓડિશા પોલીસે બાલાસોર સરકારી રેલવે પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો હતો. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગમાં ફેરફારને કારણે આ દુર્ઘટના થઈ છે.

### રાજ્યમાં પોલીસ બદલીને લઈને એક મહત્વના સામાચાર

# પોલીસ અધિકારીઓએ નામજોગ માગણી કરેલા કર્મચારીઓની બદલી નહીં થાય

## રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો

ગાંધીનગર, તા.૬

રાજ્યની પોલીસ બદલીને લઈને એક મહત્વના સામાચાર આવ્યા છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. હવે પછી પોલીસ અધિકારીઓએ નામજોગ માંગણી કરેલા કર્મચારીઓની બદલી થશે નહીં. આઈપીએસઅધિકારી પોતાના પસંદીતા પીઆઈકે પીએસઆઈની માંગ કરી શક્શે નહી.

રાજ્યમાં જ્યારે પણ પોલીસ અધિકારીઓની વહીવટી બદલી થતી હોય છે ત્યારે અમુક અધિકારીઓ પોતાના પસંદીતા પીઆઈઅને પીએસઆઈની બદલી પોતાની પાસે કરાવતા હોય છે. અધિકારીઓ પોતાની અંગત ભલામણના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે ત્યારે હવે આ વાત રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયને ધ્યાને આવી છે. આ પ્રકારની ગતિવિધી રોકવા માટે કડક પ્રયાસો હાથ ધરાઈ છે. રાજ્યમાં કેટલીક રજુઆતની તપાસ કરતા કેટલાક કિસ્સાઓમાં કેટલાક અધિકારીઓએ તેમના હેઠળની કચેરી ખાતે પીઆઈઅને પીએસઆઈની નિમણૂંક આપવા રજૂઆત કરી છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

આ પરિપત્રની અંદર જણાવવામાં આવ્યુ છે કે રાજ્ય પોલીસ દળની વિવિધ કચેરીઓના અધિકારીઓ તેમની કચેરી માટે પીઆઈઅને પીએસઆઈસંવર્ગમાં અમુક ચોક્કસ અધિકારીઓની નામ જોગ માંગણી કરે છે. આવી રજૂઆતોને અત્રેથી પ્રોત્સાહન આપવામાં આવશે નહીં. આ પરિપત્રમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે ફરજ મોકુફ ઉપરથી ફરીથી હાજર થયેલા પોલીસ અધિકારીઓ તેઓને જે કચેરીની ફરજ દરમિયાન ફરજ મોકુફ થયેલ છે. તે જ કચેરીના વડા દ્વારા તેમની ફરીથી માંગણી કરવામાં આવે છે. આ બાબત ગંભીર જણાતા આ પ્રકારની રજૂઆતોને પણ અત્રેથી પ્રોત્સાહન આપવામાં આવશે નહીં.

### ખેડૂતોએ સરકાર પાસે સહાયની માગ

# વરસાદે કેળાના પાક પર પાણી ફેરવ્યું, કરોડોનું નુકસાન

## વડિયા, કરાંઠા, રામપુરા, ગોપાલપુરા, શહેરાવ, ટંકારી, ભદામ, ધમણાચા સહિતના અનેક ગામોમાં વ્યાપક નુકસાન થયું

નર્મદા, તા.૬

ગઈ કાલે આવેલા વાવઝોડાએ નર્મદા જિલ્લાના ખેડૂતો હાલ બેહાલ કરી નાખ્યા છે. નર્મદા જિલ્લામાં બે હજાર એકર જમીનમાં વાવેલા કેળાના ઉભા પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ત્યારે ખેડૂતોને પડ્યા માથે પાટું જેવો ઘાટ સર્જાયો છે. નર્મદા જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ પડવાના કારણે રાજપીપળા શહેર સહિત તિલકવાડા, કેવડિયા, ગરુડેશ્વરમાં ધમાકેદાર વરસાદ પડ્યો હતો. વાવાઝોડા અને ગાજવીજ સાથે પડેલા વરસાદે ચારેકોર વિનાશ વેર્યો હતો. જેમાં કેટલાય ઘરોનાં પતરાં ઉડ્યા તો કાચા મકાનમાં નુકસાન થયું છે. બીજી બાજુ વડિયા, કરાંઠા, રામપુરા, ગોપાલપુરા, શહેરાવ, ટંકારી, ભદામ, ધમણાચા, નારખડી, પોઈચા સહિતના અનેક ગામોમાં કેળના પાકને પણ વ્યાપક નુકસાન થયું છે. રાજપીપળા શહેરમાં વીજ થાંભલા પડી જવાથી છેલ્લા ૨ કલાકથી વીજ પૂરવઠો ખોરવાયો છે. આ ઉપરાંત અનેક જગ્યાએ ઝાડ પણ પડી ગયા છે. ત્યારે ભારે વાવાઝોડાને લઈ વડોદરા અને તિલકવાળા તાલુકાને જોડતો દેવલિયા-નસવાડીનો રસ્તો વૃક્ષ પડવાથી બંધ થઈ ગયો છે. આ સિવાય હાઈવે પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા અને રાહદારીઓ પણ અટવાયા હતા. જો કે, હાલમાં પણ અનેક ઘરોને નુકસાન પહોંચતા લોકો બેઘર બન્યાં છે. ત્યારે ખેડૂતોએ પણ નુકસાનની ભરપાઈ કરવા સરકારને મદદનો પોકાર કર્યો છે. જિલ્લામાં અંદાજિત બેથી ત્રણ હજાર એકર જમીનમાં ખેતી કરવામાં આવે છે. ત્યારે વરસાદે પાણી ફેરવી નાંખતા ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. ત્યારે સરકાર નુકસાનનું વળતર આપે તેવી માગ કરવામાં આવી છે. વાત કરતા કરતા ખેડૂત રડી પડ્યાં હતા. મહામહેનતે ઊભો કરેલા પાક પર પળવારમાં જ પાણી ફરી જતા જગતનો તાત ધ્રુસ્કે ચડ્યો હતો અને સરકાર પાસે નુકસાનના વળતરની માગ કરી હતી.

### આતંકવાદી સંગઠન ખાલિસ્તાન ટાઈગર ફોર્સ વિરુદ્ધ કડક કાર્યવાહી

# ફંડ એકત્રિત કરવા સંદર્ભે NIAના પંજાબ અને હરિયાણામાં દરોડા

અમૃતસર, તા.૬

પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ખાલિસ્તાન ટાઈગર ફોર્સ વિરુદ્ધ કડક કાર્યવાહી કરતા નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ફંડ એકઠું કરવાના દરોડા પાડ્યા છે.

એનઆઈએની ટીમે દારૂગોળો અને વિસ્ફોટકોની દાણચોરીના ગુનાહિત કાવતરાના સંબંધમાં પંજાબમાં ૯ અને હરિયાણામાં ૧ સ્થળે છાપે મારી કરી છે. આ જ કેસમાં એનઆઈએએ ૧૯ મેના રોજ ફિલિપાઈન્સના મનીલાથી દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચતા જ આતંકવાદી અર્શ દલ્લાના બે નજીકના સાથીઓની ધરપકડ કરી હતી. બંનેની ઓળખ અમૃતપાલ સિંહ અને અમૃતક સિંહ તરીકે થઈ હતી. એનઆઈએદ્વારા ઓપરેશન હેઠળ બંનેની ધરપકડ કરવામાં આવી હતી. એનઆઈએએ અગાઉ જણાવ્યું હતું કે, એનઆઈએદિલ્હી કોર્ટે ભારતમાં પ્રતિબંધિત સંગઠનોની ગેરકાયદેસર અને હિંસક પ્રવૃત્તિઓ સંબંધિત કેસમાં બંને આરોપીઓ વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું.

### વડનગરને લઈને કેન્દ્ર સરકારની મોટી યોજના

# વડનગરની કાયાપલટના ડ્રીમ પ્રોજેક્ટ પર પીએમ મોદીની યોજનાઓ આકાર લઈ રહી છે

## દેશભરમાંથી ૧૫૦૦ બાળકોને અહીં લાવવામાં આવશે, જેમને પ્રેરણાદાયી વાતો કહેવામાં આવશે, જ્યાં બાળકોને પ્રેરણાનાં સંદેશાઓ પ્રાપ્ત થશે

મહેસાણા, તા.૬

સમગ્ર વિશ્વમાં ભારતને ખ્યાતિ અપાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પણ તેમની જન્મભૂમિ વડનગરનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેના કારણે હવે વડનગરની કાયાપલટના ડ્રીમ પ્રોજેક્ટ પર પીએમ મોદીની યોજનાઓ આકાર લઈ રહી છે. તેના પરિણામો આવનારા દિવસોમાં માત્ર વડનગરને જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતને વિશ્વમાં ખ્યાતિ અપાવશે. ખાસ વાત એ છે કે વડનગરમાં એક શાળા છે, જે ૧૯મી સદીની છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અભ્યાસ કર્યો હતો. તેને પ્રેરણા સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહી છે.

મહત્વનુ છે કે તેનું નામ પ્રેરણા રાખવામાં આવ્યું છે. જોકે દેશભરમાંથી ૧૫૦૦ બાળકોને અહીં લાવવામાં આવશે, જેમને પ્રેરણાદાયી વાતો કહેવામાં આવશે. જ્યાં બાળકોને પ્રેરણાનાં સંદેશાઓ પ્રાપ્ત થશે.

વડનગરની આ શાળામાં ૮ વર્ગખંડો છે. જ્યાં ડિજિટલ અને શારીરિક શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવશે. વડનગરનો બૌદ્ધ અને જૈન ધર્મ સાથે ઊંડો સંબંધ છે.

મહત્વનુ છે કે વડનગર ચીન સાથે પણ સંકળાયેલું છે. ત્યારે વડનગરમાં અત્યાર સુધીના ખોદકામમાં અઢી હજાર વર્ષ જૂની સંસ્કૃતિ મળી આવી છે. આ સાથે વડનગરનું વર્ણન મહાભારત, પુરાણ અને ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. મહત્વનુ છે કે આટલું વિગતવાર સંશોધન ભારતમાં હજી થયું નથી.

અગાઉ પણ આ જ પ્રકારે વડનગરનો વિકાસ કરવામાં આવ્યો છે. જે અવિરત પણે ચાલુ છે. વડનગર આમ તો ઐતિહાસિક શહેર છે પણ આ શહેરને વૈશ્વિક ઓળખ અપાવવાનું અને વિકાસના પંથે લઈ જવાનું શ્રેય વડનગરવાસીઓ પણ નરેન્દ્ર મોદીને જ આપે છે. લાંબા ઈતિહાસને પોતાના ગર્ભમાં ધરબીને બેસેલું આ પ્રાચીન નગર છે. તેનો ભૂતકાળ ભવ્ય અને જૂનો છે એટલો જ એનો વર્તમાન ઉડીને આંખે વળગે એવો છે. આ નગરે અનેક બદલાવો જોયા છે. આજે આ નગર પર આખી દુનિયાની નજર છે.

જ્યારથી મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારથી આ નગર ચર્ચામાં છે. એમાં પણ વડાપ્રધાન થયા બાદ તો આ શહેરની ઓળખ દેશની સરહદો પણ વટાવી ગઈ. આજે પણ જ્યારે મોદી વિકાસની વાતો કરે ત્યારે વિરોધીઓ પહેલો સવાલ કરે છે કે મોદીએ તેમના વતન વડનગરમાં શું વિકાસ કર્યો છે? આવા જ સવાલના સાચો જવાબ મેળવવાનો આ એક પ્રયાસ છે.

### કોટડાપીઠા : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા

# વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી




કોટડાપીઠા, તા. ૬

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી તેમજ જીલ્લા મેલેરીયા અધિકારીની સુચના અને તાલુકા હેલ્થ ઓફિસનાં માર્ગદર્શન મુજબ નવાણીયા ગામે વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી કરવામાં આવી હતી. તમાકુનાં સેવનથી થતાં મોઢાના, જીભના તથા દાતના, પેઢાનાં કેન્સરને અટકાવવા માટે નવાણીયા ગામ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. અને રેલી સ્વરૂપે જન જાગૃતિ અભિયાનનું આયો ન કરવામાં આવેલ. ધુમ્રપાનનાં સેવનથી પોતે તેમજ પોતાની આસપાસનાં વ્યકિતઓએ આરોગ્યને નુકસાન થાય છે અને ધુમ્રપાન કરનાર વ્યકિતને હૃદય રોગનું જોખમ રહે છે. તેમને અને તેમના કુટુંબને પણ બરબાદ કરી શકે છે વગેરે માહિતી કોટડાપીઠા પ્રા.આ. કેન્દ્રનાં સુપરવાઈઝર મેહુલભાઈ ડાંગર દ્વારા આપવામાં આવી હતી. તમાકુ અને ધુમ્રપાનનો નિષેધ કરવા અંગેની પ્રતિજ્ઞા લેવરાવવામાં આવેલી. આ તકે પત્રીકા વિતરણખ કરવામાં આવ્યું હતું. જેમાં નવાણીયા ગામ ખાતે લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કોટડાપીઠા આરોગ્ય ટીમે જહેમત ઉઠાવી હતી. તેમાં જીલ્લા તમાકુ નિયંત્રણ સેલ, આરોગ્ય શાખા જી.પં. અમરેલીનો સહયોગ સાંપડેલ હતો. તેમ કોટડાપીઠા પ્રા.આ. કેન્દ્રનાં મેડિકલ ઓફિસની યાદીમાં જણાવેલ છે.

### અંદાજિત ૪ લાખ ૫૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી

# ગુજરાતમાં ૫ લાખ છાત્રોએ સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો

## અમદાવાદ શહેરમાં છેલ્લાં ૯ વર્ષમાં અંદાજિત કુલ ૫૦,૨૮૮થી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડી સરકારી શાળામાં એડમિશન લીધું છે

ગાંધીનગર, તા.૬

રાજયમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે ટેકનોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, તેને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિર્વિતત થઈ રહી છે.

આમ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સુધારવા માટે જે પ્રકારની કામગીરી થઈ રહી છે. તેનું પરિણામ રૂપી એ ફળ મળ્યું છે કે સેલ્ફ ફાયનાન્સ શાળા છોડીને હવે વાલીઓ તેમના બાળકોને સરકારી શાળામાં મૂકતા થયા છે. રાજ્યમાં છેલ્લાં ૯ વર્ષના આંકડા જોઈએ તો, અંદાજિત ૪ લાખ ૫૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે અમદાવાદ શહેરમાં છેલ્લાં ૯ વર્ષમાં અંદાજિત કુલ ૫૦,૨૮૮થી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડી સરકારી શાળામાં એડમિશન લીધું છે.

રાજ્યની વાત કરીએ તો વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં કુલ ૪૫,૦૦૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૫-૨૦૧૬માં ૪૯,૬૯૮ વિદ્યાર્થીઓ, ૨૦૧૬-૨૦૧૭માં ૫૯,૪૪૦ વિદ્યાર્થીઓ, ૨૦૧૭-૨૦૧૮માં ૫૧,૨૬૨ વિદ્યાર્થીઓ, ૨૦૧૮-૨૦૧૯માં ૫૦,૩૩૦ વિદ્યાર્થીઓ, ૨૦૧૯-૨૦૨૦માં ૫૦,૨૨૮ વિદ્યાર્થીઓ, ૨૦૨૦-૨૦૨૧માં ૪૦,૦૬૦ વિદ્યાર્થીઓ, ૨૦૨૧-૨૦૨૨માં ૪૪,૩૦૦ વિદ્યાર્થીઓ, ૨૦૨૨-૨૦૨૩માં ૬૦,૭૫૧ વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

જ્યારે અમદાવાદ શહેરની વાત કરીએ તો, વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં કુલ ૪૩૯૭ વિદ્યાર્થીઓ, ૨૦૧૫-૨૦૧૬માં ૫૪૮૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૬-૨૦૧૭માં ૫૦૦૫ વિદ્યાર્થીઓ, ૨૦૧૭-૨૦૧૮માં ૫૨૧૯ વિદ્યાર્થીઓ, ૨૦૧૮-૨૦૧૯માં ૫૭૯૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૯-૨૦૨૦માં ૫૨૭૨ વિદ્યાર્થીઓ, ૨૦૨૦-૨૦૨૧માં ૩૩૩૪ વિદ્યાર્થીઓ, ૨૦૨૧-૨૦૨૨માં ૬૨૮૯ વિદ્યાર્થીઓ, ૨૦૨૨-૨૦૨૩માં ૯૫૦૦ વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

અમદાવાદ શાસનાધિકારી ડૉ.એલ.ડી.દેસાઈ કહ્યું કે, સરકારી નીતિઓને કારણે વાલીઓ સરકારી સ્કૂલ્સ તરફ વિચારતા થયા છે. રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ લાયકાત ઘરાવતા તાલિમબદ્ધ શિક્ષકો, માળખાકિય સુવિધામાં વધારો અને રાજ્ય સરકારની શિક્ષણ નીતિ વિષયક યોજનાઓ તેમજ બાળકોને મળતા લાભો વિશે વાલીઓને જાગૃત કરવામાં આવે છે. આ બધા પરિણામોને કારણે વાલીઓ સરકારી સ્કૂલમાં પણ ખાનગી સ્કૂલ કરતા શ્રેષ્ઠ શિક્ષણ મળે છે તે જાણ્યા, અનુભવ્યા અને મુલાકાત લીધા બાદ તેમના બાળકોને પ્રાઈવેટ સ્કૂલમાંથી ઉઠાવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવે છે.

ડૉ.એલ.ડી.દેસાઈ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે બે દાયકા અગાઉ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની કમાન સંભાળી ત્યારથી રાજયમાં શિક્ષણની નવતર પરિભાષા વિકસી હતી. કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળા પ્રવેશોત્સવની વિચારધારા અત્યંત ઉપયોગી પૂરવાર થઈ છે. આ ઉપરાંત મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળાઓની એકેડમી સ્ટ્રેન્થ વધવી, માળખાકિય સુવિધાઓમાં વધારો થવો, જ્ઞાનસેતુ, રેસિડેન્શિયલ સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ, સ્માર્ટ ક્લાસ, જી-શાળા, આધુનિક પ્રયોગશાળાઓ, પ્લે એક્ટિવિટમેન્ટ્સ, વિદ્યાર્થીઓને સ્કિલ ડેવલોપમેન્ટ અંગેના અભ્યાસક્રમો અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટીને સક્રિય બનાવાથી પણ ઘણો ફાયદો થયો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, એમ આ તબક્કે વાલીઓને વિશ્વાસ અપાવીએ છીએ કે સરકારી સ્કૂલ પર મૂકેલા વિશ્વાસને ટીમ સ્કૂલ બોર્ડ ૧૦૦ ટકા પૂર્ણ કરશે. નવા શૈક્ષણિક સત્ર માટે પણ શિક્ષકોને એડમિશન માટેની જવાબદારી સોંપવામાં આવી છે. આ શિક્ષકો દરેક વિસ્તારમાં જઈ વાલીઓને મળી સરકારી સ્કૂલ્સમાં એડમિશન લેવાના ફાયદા અંગે જણાવી રહ્યા છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના ચેરમેનશ્રી ડૉ.સુજય મહેતાએ કહ્યું કે, સરકારી શાળાઓમાં પણ ખાનગી સ્કૂલ્સની જેમ રમતગમતના મેદાન, હાઈટેક ટિચિંગ ક્લાસ, સ્વચ્છતા તથા ક્વોલિફાઈડ શિક્ષકો હોવાથી ખાનગી સ્કૂલ્સ સામે સ્પર્ધા શરૂ થઈ છે.

સેલ્ફ ફાયનાન્સમાંથી સરકારી શાળામાં આવવાનું મુખ્ય કારણ એ પણ છે કે, સરકારી શાળાઓમાં મળતું ગુણવત્તાયુકત શિક્ષણ તેમજ સમયની સાથે કદમથી કદમ મિલાવીને ટેકનોલોજી યુકત શિક્ષણ, સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણવિદ્ શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ બધી ખાસિયતોને કારણે સ્વભાવિક છે કે સરકારી શાળાઓમાં ખાનગી શાળા કરતા સારી સુવિધાઓ મળતી હોવાથી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ સરકારી શાળા તરફ આકર્ષાયા છે અને એડમિશન પણ વધ્યા છે.

### શક્તિમાન બનીને અભિનેતા ઘર-ઘરમાં લોકપ્રિય થયા હતા

# ૨૦૦-૩૦૦ કરોડના ખર્ચે શક્તિમાન મોટા પરદે આવશે

મુંબઈ, તા.૬

સુપરહીરો 'શક્તિમાન' પર જ્યારથી ફિલ્મ બનાવવાની જાહેરાત થઈ ત્યારથી ફેન્સ ખુબ ઉત્સાહિત છે. એક્ટર મુકેશ ખન્નાએ શક્તિમાન બનીને ઘર-ઘરમાં નામ બનાવ્યું હતું. હવે તેણે તેના પ્રખ્યાત પાત્ર શક્તિમાન પર બનવાની ફિલ્મ વિશે એક મોટું અપડેટ આપ્યું છે. મુકેશ ખન્નાએ ઘણા વર્ષો સુધી ટીવી પર શક્તિમાનનું પાત્ર ભજવ્યું હતું. ઘણા સમય પહેલા શક્તિમાન પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. હવે મુકેશે ફિલ્મ બનવામાં થનાર વિલંબનું કારણ જણાવ્યું છે.

'શક્તિમાન'ને મોટા પડદા પર લાવવા માટે મુકેશ ખન્નાએ ગયા વર્ષે સોની પિક્ચર્સ ઈન્ડિયા સાથે હાથ મિલાવ્યો હતો. સોની પિક્ચર્સે એક ટીઝર વીડિયો શેર કરતી વખતે આની જાહેરાત કરી હતી. ત્યારથી ચાહકોનો ઉત્સાહ સાતમા આસમાને છે. હવે મુકેશ ખન્નાએ આ ફિલ્મ પ્રોજેક્ટને લઈને મોટું અપડેટ આપ્યું છે. મુકેશ ખન્નાએ તેની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ ભીષ્મ ઈન્ટરનેશનલ પર તેના આગામી પ્રોજેક્ટ 'શક્તિમાન' વિશે ઘણી વાતો કરી હતી. તેણે ચાહકોને કહ્યું હતું કે આ ફિલ્મ ચોક્કસપણે બની રહી છે. તેને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે પણ મોટી યોજના બનાવવામાં આવી છે. મુકેશ ખન્નાનું કહેવું છે કે ફિલ્મને લઈને કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યો છે. આ ફિલ્મ પાછળ ૨૦૦થી ૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

મુકેશ ખન્નાએ વધુમાં કહ્યું હતું કે મેં અગાઉ પણ જાહેરાત કરી હતી કે આ ફિલ્મ બની રહી છે. કોરોના મહામારીના કારણે તેનું કામ બંધ થઈ ગયું હતું. જો કે વાતચીત દરમિયાન મુકેશ ખન્નાએ ફિલ્મના કલાકારો વિશે કોઈ માહિતી આપવાનો ઈકાર કર્યો હતો. તેણે કહ્યું કે હું ફિલ્મની સ્ટારકાસ્ટ વિશે અત્યારે કંઈ કહી શકું તેમ નથી. પરંતુ હું તમને ચોક્કસ કહી શકું છું કે આ બહુ મોટી ફિલ્મ બનવા જઈ રહી છે, તેથી તેમાં સમય લાગશે. તમને સૌને ટૂંક સમયમાં ફિલ્મના ડાયરેક્ટર અને સ્ટારકાસ્ટ વગેરેની માહિતી મળશે.

વર્ષ ૨૦૨૨માં સોની પિક્ચર્સે ટીઝર શેર કરીને ફિલ્મની જાહેરાત કરી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે 'શક્તિમાન'ને મોટા પડદા પર સુપરહીરો ટ્રાયોલોજી તરીકે લાવવામાં આવી રહી છે. સમાચાર હતા કે આ ફિલ્મનો હીરો રણવીર સિંહ હોઈ શકે છે. જો કે હવે જોવાનું એ રહેશે કે તેમાં સુપરહીરો તરીકે કોણ જોવા મળશે.

### હૃદય રોગના હતા નિષ્ણાંત

# હાર્ટ એટેકથી જાણીતા યુવા તબીબ ડો. ગૌરવ ગાંધીનું નિધન

## નબળા હૃદયવાળા લોકો શરીરને ઠંડુ રાખવા માટે પૂરતું લોહી પંપ કરી શકતા નથી, તેથી જ તેઓ બ્લડ પ્રેશરને સામાન્ય રાખી શકતા નથી

અમદાવાદ, તા.૬

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી યુવાનોમાં હાર્ટએટેકનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. જામનગરમાં હૃદય રોગના નિષ્ણાંત યુવા તબીબ ડો. ગૌરવ ગાંધી (ઉ.વ.૪૧)નું હાર્ટએટેકથી નિધન થયું છે. તેમના નિધનથી તબીબી આલમ સહિત પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

નબળા હૃદયવાળા લોકો શરીરને ઠંડુ રાખવા માટે પૂરતું લોહી પંપ કરી શકતા નથી. તેથી જ તેઓ બ્લડ પ્રેશરને સામાન્ય રાખી શકતા નથી. જેના કારણે તેમના શરીરનું તાપમાન હાનિકારક સ્તરે વધી શકે છે. માનવ શરીર સામાન્ય રીતે 98.6°F એટલે કે 37°C તાપમાન જાળવી રાખે છે. જ્યારે તાપમાનમાં થોડો વધારો થાય છે, ત્યારે શરીર પરસેવો ઉત્પન્ન કરીને અને રક્તવાહિનીઓને ફેલાવીને પોતાને ઠંડુ કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ જ્યારે એવું થતું નથી અને રક્તવાહિનીની સાઈઝમાં વધારો થવાને કારણે હૃદયના ધબકારા ઝડપી બને છે અને બ્લડપ્રેશર ઘટી જાય છે ત્યારે હૃદયરોગના દર્દીઓ માટે સમસ્યા ઊભી થઈ શકે છે.

નબળા હૃદયવાળા લોકો શરીરને ઠંડુ રાખવા માટે પૂરતું લોહી પંપ કરી શકતા નથી. તેથી જ તેઓ બ્લડ પ્રેશરને સામાન્ય રાખી શકતા નથી. જેના કારણે તેમના શરીરનું તાપમાન હાનિકારક સ્તરે વધી શકે છે. કાર્ડિયોલોજિસ્ટ્સનું કહેવું છે કે વધતી ગરમીને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં હૃદય સંબંધિત રોગો ખાસ કરીને હાર્ટ એટેકના કેસ વધી રહ્યા છે.

શિયાળામાં હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે એવું માનવામાં આવે છે, પરંતુ નિષ્ણાતોના મતે માત્ર કડકડતી ઠંડી જ નહીં પરંતુ પ્રખર ગરમી પણ હાર્ટ એટેકનું જોખમ વધારી શકે છે. એટલા માટે હૃદયના દર્દીઓએ બંને પરિસ્થિતિમાં સાવચેત રહેવું જોઈએ.

હિટવેવની સ્થિતિમાં હાર્ટ એટેકની શક્યતાઓ વધી જાય છે. આનું કારણ એ છે કે, શરીરના ચયાપચયને તેનું સામાન્ય તાપમાન 37 °C (98.6 °F) જાળવવા માટે સખત મહેનત કરવી પડે છે, જે હૃદય પર તાણ લાવે છે. ગરમીમાં હાર્ટઅટેકથી બચવા માટે સખત ગરમીમાં બહાર જવાનું ટાળવું જોઈએ.

ગરમીમાં હાર્ડ વર્ક કરવાનું ટાળવું જોઈએ અને શરીરને હાઈડ્રેઈટ રાખવા માટે પાણી પીતા રહેવું જોઈએ. જો ગરમીમાં અસહજ મહેસૂસ થાય કે ઉપરોક્ત કોઈ આવા કોઈ લક્ષણો દેખાય તો ઠંડી જગ્યાએ જતું રહેવું અને આરામ કરવો અને ડોક્ટરની સલાહ લેવી હિતાવહ છે.

### યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને દોઢ વર્ષ થઇ ગયું

# રશિયાનો યુક્રેનના કાખોવકા ડેમ પર હુમલો, હજારો લોકોનું સ્થળાંતર

કીવ, તા.૬

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને દોઢ વર્ષ થઈ ગયું છે, પરંતુ બંને દેશો વચ્ચે હજુ પરિસ્થિતિ સામાન્ય થઈ નથી. એવામાં હાલ યુક્રેને મોટો આરોપ લગાવ્યો છે કે, રશિયાએ અહીં બનેલા કાખોવકા ડેમ પર હુમલો કર્યો છે. આ હુમલામાં ડેમ તૂટી ગયો છે અને મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

યુક્રેનનું કહેવું છે કે, આ તબાહીને કારણે હજારો લોકોને સ્થળાંતર કરવું પડ્યું અને ઘણા વિસ્તારો ડૂબી ગયા છે. યુક્રેનનું કહેવું છે કે, આ પૂરના કારણે ન્યુક્લિયર પાવર પ્લાન્ટને પણ નુકસાન થશે. યુક્રેનના ગૃહમંત્રીએ આજે જણાવ્યું કે, દેશના દક્ષિણ ભાગમાં નીપર નદી પર બનેલા કાખોવકા ડેમ પર હુમલો કરવામાં આવ્યો છે. યુક્રેનના મંત્રીએ કહ્યું કે, આ હુમલાને કારણે ડેમ તૂટી ગયો છે અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાવા લાગ્યું છે. ગૃહ મંત્રાલય દ્વારા લગભગ ૧૦ ગામડાઓના લોકોને ઘર છોડવા માટે કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત, નજીકના શહેરમાં મોટી સંખ્યામાં લોકોએ તેમના ઘર છોડીને ભાગવું પડશે. અગાઉ યુક્રેન સરકારે કહ્યું હતું કે, જો ડેમ તૂટશે તો ૧૮ મિલિયન ક્યુબિક મીટર પાણી છોડવામાં આવશે. જેના કારણે ખેરસન સહિત આસપાસના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જશે. તે એક મોટી આપત્તિ હશે અને હજારો લોકોએ તેમના ઘર છોડવા પડશે.

### નિફ્ટી પર અલ્ટ્રાટેક સિમેન્ટનો શેર સૌથી વધુ તૂટ્યો હતો

# સેન્સેક્સમાં પાંચ અને નિફ્ટીમાં પાંચ પોઈન્ટનો સામાન્ય વધારો

## ઓટો અને રિયલ એસ્ટેટ સેક્ટર એક-એક ટકાના ઉછાળા સાથે બંધ થયા છે, આ સાથે જ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈન્ડેક્સ ૧.૫ ટકા ઘટીને બંધ રહ્યા

મુંબઈ, તા.૬

મંગળવારે સ્થાનિક શેરબજારો મામૂલી વધારા સાથે બંધ થયા છે. બીએસઈ સેન્સેક્સ ૫.૪૧ પોઈન્ટ એટલે કે ૦.૦૧ ટકાના વધારા સાથે ૬૨,૭૯૨.૮૮ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૫.૧૫ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકાના વધારા સાથે ૧૮,૫૯૯ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. અલ્ટ્રાટેક સિમેન્ટનો શેર નિફ્ટીમાં ૨.૯૧ ટકાના વધારા સાથે બંધ થયો હતો. ડિવિસ લેબના શેર પણ ૨.૨૩ ટકા વધીને બંધ થયા છે. તે જ સમયે, ટેક મહિન્દ્રામાં સૌથી વધુ બ્રેકડાઉન જોવા મળ્યું હતું.

ઓટો અને રિયલ એસ્ટેટ સેક્ટર એક-એક ટકાના ઉછાળા સાથે બંધ થયા છે. આ સાથે જ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈન્ડેક્સ ૧.૫ ટકા ઘટીને બંધ રહ્યો હતો. બીએસઈમિડકેપ ઈન્ડેક્સમાં ૦.૩ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

બીએસઈસેન્સેક્સ પર અલ્ટ્રાટેક સિમેન્ટનો શેર ૩.૧૩ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે કોટક મહિન્દ્રા બેક્નો શેર ૧.૮૮ ટકા, ટાટા મોટર્સનો શેર ભાવ ૧.૬૮ ટકા, એક્સિસ બેક્ર ૧.૫૨ ટકા, મારુતિ ૧.૪૨ ટકા, બજાજ ફિનસર્વ શેર ૧.૨૫ ટકા, બજાજ ફાઈનાન્સ (૧.૨૨ ટકા), મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૨૦ ટકા) ટકા, ટાઈટન (ટાઈટન)ના શેર ૦.૮૦ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા.

આ સિવાય એનટીપીસી, આઈટીસી, એશિયન પેઈન્ટ્સ, સન ફાર્મા અને ઈન્ડસઈન્ડ બેંકના શેર ઉછાળા સાથે બંધ થયા હતા.

સેન્સેક્સ પર ઈન્ફોસિસનો શેર ૧.૯૮ ટકા ઘટીને બંધ રહ્યો હતો. આ સિવાય ટેક મહિન્દ્રા, ટીસીએસ, વિપ્રો, ભારતી એરટેલ, એચસીએલ ટેક, આઈસીઆઈસીઆઈ બેંક, નેસ્લે ઈન્ડિયા, ટાટા સ્ટીલના શેર્સ, એસબીઆઈ (એસબીઆઈ), એચડીએફસી (એચડીએફસી) અને હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ લાલ નિશાન સાથે બંધ થયા છે.

# સા.કુંડલા ખાતે સેવાભાવી સંસ્થા દ્વારા વિનામૂલ્યે નોટબુકનું વિતરણ



સાવરકુંડલામાં ઘણા લાંબા સમયથી વિવિધ વિદ્યાર્થી લગતી પ્રવૃતિ કરતી સંસ્થા માતૃશ્રી રમાબાઈ ભીમરાવ આંબેડકર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સાતમો વિનામૂલ્યે નોટબૂક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૪૫૦ ઉપરાંતનાં વિદ્યાર્થીઓએ લાભ લીધેલ તેમજ આ પ્રસંગે ચાલુ વર્ષે નિવૃત થતાં કર્મચારીઓને સન્માનવાનું આયોજન પણ કરવામાં આવેલ. જેમાં કે.પી. બગડા–અધિક્ષક હિસાબનીશ તેમજ પી.બી. સોલંકી–લાઈન ઈન્સ્પેકટર (પી.જી.વી.સી.એલ.) જુન–૨૦૨૩માં વય મર્યાદાને કારણે સેવા નિવૃત થવાના છે તેમજ કનુભાઈ ખીમસુરીયા (જી.એસ.આર.ટી.સી.) ગત એપ્રિલ–૨૦૨૩ માસમાં નિવૃત થયેલ. મહેશ પી. ખુમાણ (મુંબઈ) જેઓ ગત મે–૨૦૨૩માં સેવા નિવૃત થયેલ તેઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે મુંબઈથી આમંત્રણને માન આપી પધારેલ નરોતમભાઈ વેગડા, ગાંગજીભાઈ ખુમાણ, જેસીંગભાઈ ખુમાણ તેમજ સ્થાનિક લોકો હાજર રહેલ. પ્રસંગૌચિત ઉદ્‌બોધન સી.એ. બગડા દ્વારા કરવામાં આવેલ. કે.પી. બગડા દ્વારા તેમના વકતવ્યમાં સંસ્થાની કામગીરીને બીરદાવેલ અને ભવિષ્યમાં પણ આવી પ્રવૃતિ કરતા રહો તેવી શુભેચ્છા પાઠવેલ. તેમજ એમ.કે. રાઠોડ જેઓ અનિવાર્ય સંજોગાના કારણે ઉપસ્થિત રહી શકેલ નહીં તેઓએ ટેલિફોનિક કાર્યક્રમની શુભેચ્છા પાઠવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વી.કે. બગડા અને જયંત હેલૈયા દ્વારા કરવામાં આવેલ. ડી.કે. રાઠોડ દ્વારા સંસ્થા વતી ઉપસ્થિત તમામનો તેમજ વોલેન્ટીયર્સ અને વિશેષ દાતાઓનો આભાર વ્યકત કરવામાં આવેલ. જેમના વગર આવા પ્રકારના સેવા યજ્ઞો શકય જ નથી.

# અમરેલી ખાતે સ્વ. ઘનશ્યામભાઈ પરિખનાં સ્મરણાર્થે ચેસ ટુર્નામેન્ટ યોજાઈ



અમરેલી ખાતે અમરેલી ચેસ કલબ દ્વારા સ્વ. ઘનશ્યામભાઈ પરિખ (એડવોકેટ)નાં સ્મરણર્થે અમરેલી શહેર ઓપન જેન્ટસ ટુર્નામેન્ટ તથા બોયસ/ગર્લ્સ અન્ડર–૧૫ની ચતુર્થ ચેસ ટુર્નામેન્ટ યોજાઈ. જેમાં જેન્ટસમાં હરદેવસિંહ જાડેજા ચેમ્પીયન થયેલા તથા બોયસમાં ફેનીલ નીમેષભાઈ ભીમજીયાણી તથા ગર્લ્સમાં ગુંજનબેન દિનેશભાઈ દવે ચેમ્પીયન થયેલ છે. જે ટુર્નામેન્ટમાં રીટાયર્ડ ડિસ્ટ્રીકટ જજ એ.ડી. મોગલ તથા સ્વ. ઘનશ્યામભાઈ પરિખનાં પરિવારજનો, લીલાવંતી સ્કુલનાં પ્રિન્સીપાલ તેમજ ટ્રસ્ટી વર્ષિલભાઈ ગાંધી તથા અન્ય ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ હતો. આ ટુર્નામેન્ટનું સંચાલન ચેસ કલબનાં પ્રમુખ બી.એન. મહેતા દ્વારા કરાયું હતું.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૫ | ૧૫૭૫ |
| ૨ | મગફળી | ૧૨૬૦ | ૧૩૪૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૭૫ | ૨૬૭૫ |
| ૪ | ઘઉં | ૪૧૦ | ૫૫૦ |
| ૫ | ચણા | ૮૭૬ | ૯૪૪ |
| ૬ | તુવેર | ૧૨૩૦ | ૧૫૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૭ | ૧૪૯૧ |
| ૨ | ચણા | ૮૭૦ | ૮૭૦ |
| ૩ | જુવાર | ૮૪૧ | ૯૬૨ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૨૫ |
| ૫ | તલ કાળા | ૨૫૫૧ | ૨૬૮૨ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૧૧ |
| ૭ | મગફળી | ૧૨૪૧ | ૧૩૦૦ |
| ૮ | જીરૂ | ૬૩૫૧ | ૬૩૫૧ |
| ૯ | ધાણા | ૧૦૯૫ | ૧૧૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૦૦ | ૧૪૧૬ |
| ૨ | શિંગ મોટી | ૧૦૭૧ | ૧૪૨૩ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૭૧ | ૧૭૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૬૨ |
| ૬ | તલ કાળા | ૨૩૩૫ | ૨૮૭૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૫૦ | ૩૦૩૨ |
| ૮ | બાજરો | ૩૩૦ | ૪૧૬ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૧૦૦૮ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૪ | ૬૨૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૫ | ૪૮૬ |
| ૧૨ | મગ | ૧૨૨૫ | ૧૮૮૦ |
| ૧૩ | અડદ | ૭૫૦ | ૧૫૯૨ |
| ૧૪ | ચણા | ૭૫૦ | ૯૬૬ |
| ૧૫ | ચણા દેશી | ૮૭૮ | ૧૧૦૩ |
| ૧૬ | તુવેર | ૭૭૭ | ૧૮૪૦ |
| ૧૭ | કપાસ | ૧૧૨૦ | ૧૫૪૪ |
| ૧૮ | એરંડા | ૯૮૧ | ૧૦૭૪ |
| ૧૯ | જીરૂ | ૫૫૩૦ | ૮૧૦૦ |
| ૨૦ | રાયડો | ૮૮૮ | ૮૯૦ |
| ૨૧ | ધાણા | ૯૩૫ | ૧૧૧૨ |
| ૨૨ | ધાણી | ૭૦૦ | ૧૩૧૨ |
| ૨૩ | અજમા | ૧૪૯૨ | ૨૩૩૦ |
| ૨૪ | મેથી | ૮૨૦ | ૧૧૧૦ |
| ૨૫ | સોયાબીન | ૭૯૨ | ૯૭૫ |

પાના ૮ ઉપરનું ચાલું **ચકકરગઢ ગામે થયેલ વૃક્ષ છેદન**

દેવળીયા–સાવરકુંડલા રોડને જોડતા ૩ કિ.મી. એપ્રોચ રોડ પર આવેલ છે. આ જમીનમાં ૧૫૦૦થી વધુ દેશી બાવળો અને અન્ય વૃક્ષો લગભગ ૨૫ થી ૩૦ વર્ષથી ઉછરેલ હતા અને આ જમીન લગભગ ૩૦૦થી ૪૦૦ વિઘા વિસ્તારમાં ગૌચરણ તરીકે વર્ષોથી ઉપયોગ પશુરો ચરાવવા થાય છે અને બૃહદ ગીર પાલીતાણા વિસ્તારનાં જંગલી સિંહો, દીપડા આ વિસ્તારની ઝાડીમાં રહે છે, જોવા મળે છે. આ જમીન લગભગ જાન્યુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૩માં આ ગૌચરની જમીન ઉપરના દેશી બાવળો લગભગ ૧૦૦૦થી વધુ કટીંગ કરી લઈ જવામાં આવેલ અને આ પછી ચકકરગઢ ગામના માલધારીઓની રજૂઆત બાદ ખ્યાલ આવેલ કે ચકકરગઢ ગામનાં શાસકો અને મળતીયાઓએ મામલતદાર કે કલેકટરની મંજૂરી વગર આ વૃક્ષો કોઈ હરરાજી કે પંચાયત સદરે રકમ જમા લીધા વગર કોઈ પાર્ટીને અંદાજે ૨ લાખ સુધીમાં સોદો પાડી બારોબાર રૂપિયા મેળવી ભ્રષ્ટાચાર આચરેલ છે. સબબની લોકો ધ્વારા મને હકીકત જાણવા મળેલ છે તેમજ ત્યાંનાં એક શાસકો ધ્વારા વોટસએપથી આ કામે કોઈ ઈસમો સાથે બારોબાર સોદાબાજી કરી સરકારી રાષ્ટ્રની વન સંપત્તિને નાશ કરવા ગેરકાયદેસર સત્તાનો દુરૂપયોગ કરી કરાવી નિયમ ભંગ કરી કૌભાંડ આચરેલ છે. ગામની ગૌચરની જમીનના બાવળોના નાણા બાબતેની જનતામાંથી આવેલ ઓડિયો રેકોર્ડ પણ સાથે સામેલ કરી તપાસના કામે લેવા તેમજ મોજે ચકકરગઢ ગામની ગૌચરની જમીન સર્વે નંબર ૨૦૫/૧ પૈકીમાંથી સુજલામ સુફલામ યોજનામાં આ જમીન ઉપર થયેલ ભેજ સંરક્ષણતા ચેકડેમ ગૌચરની જમીન હોવા છતાં ખરાબો બતાવી પરમીટના કામે એન.ઓ.સી. આપી સદરહું આ જમીનમાંથી બારોબાર માટી/ટાંચની ચોરી કરેલ છે. એમાં પણ ખેડૂતના નામે મંજૂરી મેળવનારની વાડીમાં એકપણ ટાંચ–ફેરો નાખેલ નથી અને આ કામે ખાણ ખનિજ વિભાગ ધ્વારા રોજકામ કરેલ છે. જેમાં હિટાસી, ડમ્પરો વિગેરે સ્થળ પર ખોદકામ કરતા હતા. એમ આ ગૌચરની જમીન રાષ્ટ્ર સંપત્તિને હોદા અને સત્તાનો દુરૂપયોગ કરી મોટું નુકસાન કરી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરેલ હોય જેના ફોટોગ્રાફ, વિડીયો, ઓડિયો રજૂ કરૂ છું. જવાબદાર તમામ સામે નિયમોનુસાર પગલા ભરવા અંતમાં માંગ કરેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૨૧ | ૧૪૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૧ | ૧૫૫૧ |
| ૩ | શીંગદાણા | ૧૬૫૧ | ૧૮૧૧ |
| ૪ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૮૨૨ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૨૮૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૫૩૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૬ | ૫૦૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૩૬ |
| ૯ | બાજરો | ૩૮૫ | ૪૩૦ |
| ૧૦ | જુવાર | ૪૮૦ | ૧૦૦૦ |
| ૧૧ | મકાઈ | ૪૫૦ | – |
| ૧૨ | મગ | ૧૫૨૧ | ૧૭૫૦ |
| ૧૩ | અડદ | ૧૭૦૦ | ૧૮૯૦ |
| ૧૪ | રાજગરો | ૯૫૧ | – |
| ૧૫ | ચણા | ૮૯૦ | ૯૭૧ |
| ૧૬ | તુવેર | ૧૬૦૧ | ૧૭૪૫ |
| ૧૭ | એરંડી | ૯૫૧ | ૧૧૦૦ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૯ | રાય | ૮૫૦ | ૯૨૫ |
| ૨૦ | ધાણા | ૯૫૦ | ૧૧૫૧ |
| ૨૧ | સોયાબીન | ૯૦૦ | ૯૫૩ |

પાના ૮ ઉપરનું ચાલું **લીલીયામોટા ખાતે યોજાયેલ**

ચાલી રહેલ પાણીની પાઈપ લાઈનના કામમાં આડેધડ ખોદ કામ કરી રસ્તાઓને લેવલીંગ ન કરીને જનતાની મુશ્કેલીમાં વધારો કરેલ હોય જેવા અનેક પ્રશ્નો રજુ થવાની ભીતિ આ પદાધિકારીઓ અને અધિકારીઓને પરેશાન કરે તેમ હોય ત્યારે આવા અઘરા પ્રશ્નો લોકો ગ્રામ સભા સુધી ન પહોંચાડે તેવા ભયના કારણે પણ હું તું ને રતનીયાને ભેગા કરી ગ્રામ સભા યોજી નાખી જે પ્રશ્ન ગ્રામસભામાં રજુ થાય તેનું નિરાકરણ દિન પંદરમાં કરવું જોઈએ અને ગ્રામસભાનું આયોજન જયારે હોય ત્યારે અગાઉ ગામમાં માઈક તથા ઢોલ વગાડી, રીક્ષા ફેરવી જાહેર ચોક પર બોર્ડ વગેરે થી ગામનાં લોકોને જાણ કરવી પડે. જેથી ગામનાં લોકો હાજર રહે અને પંચાયત ધારાનું યોગ્ય પાલન થાય અને બંધારણનું પણ યોગ્ય પાલન થાય પણ આતો તાલુકા પંચાયત નક્કી કરે અને ગ્રામ પંચાયત તરત મુંગા મોઢે ગ્રામસભા ગોઠવી નાંખે છે. આમાં ગામનાં પ્રતિષ્ઠિત, આગેવાનો, વકીલો, શિક્ષકો, ચિત્રકારો, લેખક, પત્રકારો વગેરે તજજ્ઞ લોકો વંચિત રહે છે અને આં તજજ્ઞ વ્યકિતઓનાં વિચારોથી ગામને લાભ થવાનાં બદલે ખોટ ઉભી થાય છે. તેવું લીલીયાની સમજદાર જનતા કહી રહી છે. તો આ બાબતે અધિકારી દ્વારા યોગ્ય પગલાં લેવાઈ એવી લોક માંગ ઉઠવા પામી સે જેથી કરી આવનાર દિવસોમાં જનતાનો અવાજ દબાવવામાં ન આવે તેમ પત્રકાર ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૬૬૫ | ૧૩૦૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૩ | ૪૬૧ |
| ૩ | ઘઉં કાળા | ૪૧૫ | ૪૧૫ |
| ૪ | ચણા | ૮૦૦ | ૯૧૧ |
| ૫ | તુવેર | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૬ | તલ | ૨૫૦૧ | ૨૬૫૫ |
| ૭ | મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૧૦ | ધાણા | ૯૮૦ | ૧૦૭૧ |
| ૧૧ | સોયાબીન | ૯૧૧ | ૯૪૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૨ | ધાણા | ૮૨૫ | ૯૯૫ |
| ૩ | ચણા | ૬૩૦ | ૯૩૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૧૬ | ૪૬૫ |
| ૫ | શીંગ ફાડા | ૧૫૦૫ | ૧૬૧૦ |
| ૬ | એરંડા | ૯૪૦ | ૯૪૦ |
| ૭ | જુવાર | ૬૫૫ | ૯૧૨ |
| ૮ | સફેદ તલ | ૨૪૫૦ | ૨૬૦૦ |
| ૯ | મગ | ૧૪૪૫ | ૧૬૭૫ |
| ૧૦ | સોયા | ૮૮૪ | ૯૪૧ |
| ૧૧ | કાળા તલ | ૨૫૩૦ | ૨૫૩૦ |
| ૧૨ | મગફળી | ૧૧૩૫ | ૧૨૮૩ |
| ૧૩ | બાજરો | ૪૨૦ | ૪૨૦ |
| ૧૪ | મેથી | ૫૦૦ | ૫૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૧૬ | જીરૂ | ૬૧૦૦ | ૬૧૦૦ |
| ૧૭ | શીંગ દાણા | ૧૪૩૫ | ૧૮૩૮ |
| ૧૮ | તુવેર | ૧૬૧૨ | ૧૬૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું **લોકસભાની ચૂંટણીનાં એંધાણ**

દેશનાં પાટનગરમાં સત્તાધારી પક્ષ તેમજ વિપક્ષી નેતાઓની ગતિવિધિ પણ તેજ બની છે. તે જોતા સૌ માની રહ્યું છે કે લોકસભાની ચૂંટણી વહેલી થઈ શકે તેમ છે. ગઈકાલે જ ગૃહમંત્રી અમિત શાહે આંધ્રપ્રદેશ અને તેલગાંણાનાં નેતા ચંદ્રાબાબુ નાયડુ સાથે બેઠક કરીને તેના પક્ષનો એનડીએમાં સમાવેશ કરવાની ચર્ચા કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

બીજી તરફ બિહારનાં મુખ્યમંત્રી નીતીશકુમાર પણ વિપક્ષોની સંયુકત બેઠક બોલાવવા માટે મહેનત કરી રહ્યા છે અને વિપક્ષી નેતાઓ પણ પોતપોતાના કાર્યક્ષેત્રમાં સક્રીય બન્યા છે તેમજ પાંચ રાજયો ઉપરાંત આગામી વર્ષે મહારાષ્ટ્ર, ઓરિસ્સા જેવા મોટા રાજયોમાં વિધાનસભાનો કાર્યકાળ પુરો થતો હોય ત્યાંની ચૂંટણી પણ સાથે યોજાઈ તો નવાઈ પામવા જેવું નહી રહે. જો કે લોકસભાની ચૂંટણી વહેલી યોજાશે કે પછી નિર્ધારિત સમયે તે માટે એકાદ મહિનાની રાહ જોવી પડશે. પરંતુ દેશનાં મહત્વનાં તમામ રાજકીય પક્ષોમાં સક્રીયતા વધી છે તે હકીકત છે.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરા બસ સ્ટેન્ડમાંથી**

કર્મચારીઓ કે કોઈપણ હોય જે સંડોવાયેલા હશે તેની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવું તે વ્યકિતએ પ્રેસ યાદીમાં જણાવેલ છે. અનેકવાર આવું બનવાના કારણે અધિકારીઓ પ્રાઈવેટ જતા વાહનો સાથે સાત ઘાટ હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે જો તેમ ન હોય તો આવું અનેકવાર બન્યું છે. તો કેમ કોઈ તેની ઉપર પગલાં લેવામાં આવતા નથી. આની ઉપરથી તે સાબિત થાય છે કે તે પ્રાઈવેટ વાહનોની સાથે સાત ઘાટ હોય તેમ લાગી રહ્યું છે. આ ગુર્જર નગરી બગસરા કૃષ્ણનગર બસ ઓનલાઈન જીપીઆર સીસ્ટમવાળી હો યઅને માત્રને માત્ર પાંચ મિનિટ કે દસ મિનિટ ગાડી લાઈટ હોય તો પણ તેમને રજીસ્ટરમાં એન્ટ્રી પડી અને એનો ખુલાસો માંગવાનો હોય છે છતાં ડેપો મેનેજરેને ડીસી આ બાબતે કેમ કોઈ ધ્યાન નથી દેતા તેઓ સવાલ પેસેન્જરોમાં ગણગણાટ જોવા મળ્યો છે. પેસેન્જરોમાં પૂછપરછમાં પૂછવામાં આવે તો કહેવામાં આવે છે કે કંડકટર ના હોય ડ્રાઈવર ન હોય આવે તો ઉપડી જશે ડ્રાઈવર સુતા હોય તો આ કંડકટર સુતા હોય મન ફાવે તેમ આડી અવળી નોકરી ડ્રાઈવર કંડકટરોની લખવામાં આવે છે. અને ડ્રાઈવર ટ્રીપ કરીને આવ્યા હોય તો ફરી એની નોકરી લખવામાં આવે છે એ ડ્રાઈવરો હો અને એની રીતે મન ફાવે તેમ નોકરી કરે છે. આ ઉપરાંત યુટિલિસ બનાવવા માટે ગમે તેને બેસાડી દેવામાં આવે તેની બે પોસ્ટ ખાલી છે. આમા મિનિસ્ટર હર્ષ સંઘવી અને વડાપ્રધાન નરેન્દ્રમોદી ગમે એટલી નવી બસો મૂકે પણ આ એસટી તંત્રને સુધારવું જરૂરી છે નહીતર તમામ મહેનત પાણીમાં જશે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૧૧૭૦ | ૧૪૧૮ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૧ | ૨૬૨૬ |
| ૩ | તલ કાળા | ૨૦૦૦ | ૨૮૨૧ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૫૧૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૭૮ |
| ૬ | ધાણા | ૯૦૦ | ૯૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૫૮ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૧૦૭૧ |
| ૯ | મકાઈ | ૪૬૦ | ૪૬૦ |
| ૧૦ | મગ | ૧૪૦૦ | ૧૭૦૪ |
| ૧૧ | સોયાબીન | ૯૫૦ | ૯૬૦ |
| ૧૨ | અડદ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૧૩ | તવેર | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૧૪ | ચણા | ૭૫૦ | ૯૩૬ |
| ૧૫ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |


## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાનાં હુડલી ગામની જુની શરતની ખાતા નં. ૨૯૫ રે.સર્વે નં. ૬૩ પૈકી ૧ની કુલ હેકટર આરે ૦–૮૦–૯૪ સતાણી મનસુખભાઈ હરીભાઈનાં માલિકી અને કબ્જા ભોગવટે આવેલ છે. તેઓ પાસેથી સદરહુ ખેતીની જમીન અમારા અસીલશ્રી ખરીદ કરવા માંગે છે.

તો ઉપરોકત ખેતીની જમીન પરત્વે કોઈનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો કે દરદાવો, લેણુ, કરજ, બોજો, ગીરો હોય કે કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, મંડળી, બેંક કે પ્રાઈવેટ ફાયનાન્સનું લેણું હોય કે સદરહુ જમીન અંગે કોઈનો વારસાઈ હકક, ભાડુતી હકક કે ઈઝમેન્ટ રાઈટસ હોય કે સદરહું જમીનનું કોઈ બાનાખત કે કુલમુખત્યાર હોય કે વારસાઈ સંદર્ભે કોઈ વાંધા–તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૮ (આઠ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને વાંધા તકરાર નથી અને હોય તો તે વેઈવ જતાં કરેલ છે તેમ સમજી અમારા અસીલ ઉપરોકત જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ઉપરોકત જમીનનાં ધારણકર્તા માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈનાં વાંધા તકરાર અમારા અસીલશ્રીને શુધ્ધબુધ્ધિનાં ખરીદનારા તરીકે બંધનકર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

તારીખ : ૦૬/૦૬/૨૦૨૩

પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાનાં હુડલી ગામની જુની શરતની ખાતા નં. ૩૬૫ રે.સર્વે નં. ૬૩ પૈકી ૪ની કુલ હેકટર આરે ૦–૮૧–૦૭ સતાણી ભાવનાબેન હર્ષદભાઈનાં માલિકી અને કબ્જા ભોગવટે આવેલ છે. તેઓ પાસેથી સદરહું ખેતીની જમીન અમારા અસીલશ્રી ખરીદ કરવા માંગે છે.

તો ઉપરોકત ખેતીની જમીન પરત્વે કોઈનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો કે દરદાવો, લેણુ, કરજ, બોજો, ગીરો હોય કે કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, મંડળી, બેંક કે પ્રાઈવેટ ફાયનાન્સનું લેણું હોય કે સદરહુ જમીન અંગે કોઈનો વારસાઈ હકક, ભાડુતી હકક કે ઈઝમેન્ટ રાઈટસ હોય કે સદરહું જમીનનું કોઈ બાનાખત કે કુલમુખત્યાર હોય કે વારસાઈ સંદર્ભે કોઈ વાંધા–તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૮ (આઠ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને વાંધા તકરાર નથી અને હોય તો તે વેઈવ જતાં કરેલ છે તેમ સમજી અમારા અસીલ ઉપરોકત જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ઉપરોકત જમીનનાં ધારણકર્તા માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈનાં વાંધા તકરાર અમારા અસીલશ્રીને શુધ્ધબુધ્ધિનાં ખરીદનારા તરીકે બંધનકર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

તારીખ : ૦૬/૦૬/૨૦૨૩

પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાનાં હુડલી ગામની જુની શરતની ખાતા નં. ૨૯૬ રે.સર્વે નં. ૬૩ પૈકી ૩ની કુલ હેકટર આરે ૩–૦૨–૫૦ સતાણી હર્ષદભાઈ મનસુખભાઈનાં માલિકી અને કબ્જા ભોગવટે આવેલ છે. તેઓ પાસેથી સદરહું ખેતીની જમીન અમારા અસીલશ્રી ખરીદ કરવા માંગે છે.

તો ઉપરોકત ખેતીની જમીન પરત્વે કોઈનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો કે દરદાવો, લેણુ, કરજ, બોજો, ગીરો હોય કે કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, મંડળી, બેંક કે પ્રાઈવેટ ફાયનાન્સનું લેણું હોય કે સદરહુ જમીન અંગે કોઈનો વારસાઈ હકક, ભાડુતી હકક કે ઈઝમેન્ટ રાઈટસ હોય કે સદરહું જમીનનું કોઈ બાનાખત કે કુલમુખત્યાર હોય કે વારસાઈ સંદર્ભે કોઈ વાંધા–તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૮ (આઠ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને વાંધા તકરાર નથી અને હોય તો તે વેઈવ જતાં કરેલ છે તેમ સમજી અમારા અસીલ ઉપરોકત જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ઉપરોકત જમીનનાં ધારણકર્તા માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈનાં વાંધા તકરાર અમારા અસીલશ્રીને શુધ્ધબુધ્ધિનાં ખરીદનારા તરીકે બંધનકર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

તારીખ : ૦૬/૦૬/૨૦૨૩

પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વોને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાનાં હુડલી ગામની જુની શરતની ખાતા નં. ૨૯૭ રે. સર્વે નં. ૬૩ પૈકી ૨ની કુલ હેકટર આરે ૩–૦૨–૫૦ સતાણી કમલેશભાઈ મનસુખભાઈ, ચંદ્રીકાબેન કમલેશભાઈ સતાણી, ધરતીબેન કમલેશભાઈ સતાણી, આકાશભાઈ કમલેશભાઈ સતાણી, પુનમબેન કમલેશભાઈ સતાણીનાં સંયુકત માલિકી અને કબ્જા ભોગવટે આવેલ છે. તેઓ પાસેથી સદરહું ખેતીની જમીન અમારા અસીલશ્રી ખરીદ કરવા માંગે છે.

તો ઉપરોકત ખેતીની જમીન પરત્વે કોઈનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો કે દરદાવો, લેણુ, કરજ, બોજો, ગીરો હોય કે કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, મંડળી, બેંક કે પ્રાઈવેટ ફાયનાન્સનું લેણું હોય કે સદરહુ જમીન અંગે કોઈનો વારસાઈ હકક, ભાડુતી હકક કે ઈઝમેન્ટ રાઈટસ હોય કે સદરહું જમીનનું કોઈ બાનાખત કે કુલમુખત્યાર હોય કે વારસાઈ સંદર્ભે કોઈ વાંધા–તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૮ (આઠ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને વાંધા તકરાર નથી અને હોય તો તે વેઈવ જતાં કરેલ છે તેમ સમજી અમારા અસીલ ઉપરોકત જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ઉપરોકત જમીનનાં ધારણકર્તા માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈનાં વાંધા તકરાર અમારા અસીલશ્રીને શુધ્ધબુધ્ધિનાં ખરીદનારા તરીકે બંધનકર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

તારીખ : ૦૬/૦૬/૨૦૨૩

પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## એકવીસમી સદીનાં દિવસોમાં અનેક ઘટનાઓથી બુદ્ધિજીવીઓમાં આશ્ચર્ય

# બંધારણને બદલે બાબાઓની બોલબાલા વધી

**ભારત જન વિજ્ઞાન જાથા જેવી અનેક સંસ્થાઓ અંધશ્રદ્ધા, કુરિવાજો સામે સતત લડત ચલાવે પરંતુ પરિણામ કાંઇ મળતુ નથી**

**આશ્ચર્યજનક બાબત એ છે કે અનેક બાબાઓને સરકાર જ સમર્થન કરતી હોય તો વિજ્ઞાનનું શું કરવાનું**

**અંધશ્રદ્ધાનાં નામે નિર્દોષ જનતાને છેતરતા બાબાઓથી પ્રેરાઇને રાજકીય પક્ષો પણ બાબાનાં નામે મત મળે તેવા ધંધે ચડી ગયા**

**દેશમાં બાબાઓ અને અંધશ્રદ્ધાનું પ્રમાણ સતત વધતા ભારત દેશનાં ભવિષ્યને લઇને શિક્ષિતજનોમાં ચિંતાનો માહોલ**

અમરેલી, તા.૬

ભારત દેશ આજે વિશ્વગુરૂ બની રહયો છે. ટેકનોલોજીનો એક તરફ અદ્‌ભૂત વિકાસ થઈ રહયો છે. મેડિકલથી લઈને દરેક ક્ષેત્રે વિજ્ઞાને હરણફાળ વધી છે. આજે મોબાઈલ ફોન, ઈન્ટરનેટ જેવા માધ્યમોથી ક્રાંતિ આવી ચુકી છે. તેવા સમયે દેશમાં અંધશ્રદ્ધા ફેલાવતાં બાબાઓનો પણ વિકાસ થઈ રહયો હોય બુદ્ધિજીવીઓ અને સાયન્ટીસમાં ચિંતાનો માહોલ ઉભો થઈ રહયો છે.

સમગ્ર ગુજરાતમાં અંધશ્રદ્ધા, કુરિવાજો સામે વર્ષોથી જનજાગૃતિ ઉભી કરતી સંસ્થા ભારત જનવિજ્ઞાન જાથાનાં ચેરમેન જયંત પંડયા પણ જણાવે છે કે, જો બાબા કે તાંત્રિકને અંધશ્રદ્ધા ફેલાવતા અટકાવીએ છીએ અને તે બાબા કે તાંત્રિક પણ જાહેરમાં સ્વીકાર કરે છે કે તેઓ કશું જાણતા નથી. જનતાને ગેરમાર્ગે દોરવા બદલ માફી પણ માંગે છે. પરંતુ, થોડા મહિના બાદ પુનઃ તે બાબા કે તાંત્રિકને ત્યાં ભીડ ઉભી થાય છે.તત્વચિંતક ઓશોએ આજથી ૫૦ વર્ષ પહેલા જણાવેલ છે કે, જો દેશમાં દુઃખ અગવડતા કે ગરીબી વધશે ત્યાં બાબાઓ અને તાંત્રિકોનો યુગ આવશે. ત્યારે, ભારત દેશમાં બાબાઓ કે તાંત્રિકો વધવા પાછળનું કારણ ગરીબી, અજ્ઞાનતા કે દુઃખ તો નથી ને તેવી તપાસ કરવી પડશે. અને જો તેનાં કારણે અંધશ્રદ્ધા વધતી હોય તો સરકારે તે સમસ્યાનું નિરાકરણ કરીને અંધશ્રદ્ધા ફેલાવનાર વિરૂદ્ધ કાર્યવાહી કરવી જોઈએ. તેને બદલે સતાધારીપક્ષનાં નેતાઓ પણ બાબા કે તાંત્રિકનાં શરણમાં જોવા મળે ત્યારે, ભારત દેશને ખરેખર હવે, ભગવાન જ બચાવશે. તેવું બુદ્ધિજીઓ જણવી રહયા છે.

## એક નોન રેસીડેન્સીયલ ગુજરાતી અમેરિકન લેડી, રાજપૂત ક્ષત્રિયાણી રશ્મિબા જાડેજા



સંપાદક : પ્રતાપભાઈ ખુમાણ–સા.કુંડલા.

આપણે ચોતરફથી નેગેટિવિટીનાં બોમ્બમારાથી હતાશ થઈ ગયા હોઈએ ત્યારે, એક ઉર્દૂ શાયરે કહ્યું છે કે, ઈસ ઘનેરે જંગલમેં, મૈ બેજાન સા હો જાતા હું... તબ એર ભી સાંસે લેને સે એક અચ્છે ઈન્સાન કી ખુશ્બુ આતી હૈ . ચારેબાજુ મારો મારો કાપો કાપો વચ્ચે જયારે ક્યાંયથી લોબાનની ખુશ્બુ કે ગુગળની આહલાદક સુગંધની જેમ આપણા તન બદનને તરબતર કરી દે એવી વાતો કાને પડે ત્યારે જાણે આપણું મન રોમાંચિતને પ્રફુલ્લિત થઈ જાય.આપણને નવાઈ લાગે કે હજી આવા માનવી પણ આ ગ્રહ પર ખરેખર છે !! મૂળ ગામ ટોડા, કોટડા સાંગાણી (ગોંડલ) નાં રાજપૂત ગરાસિયા દરબાર રશ્મિબા જાડેજા ઘણાં વર્ષો જામનગર સ્થાઈ થયા. ત્યાર બાદ પોતાના માતા પિતા સાથે અમેરિકા ગયા ત્યારે માત્ર ૧૮ વર્ષની ઉંમર હતી. પછી તો ત્યાં જ સ્થાઈ થઈ ગયા.મધ્ય પ્રદેશના ગુના સ્ટેટના રાજવી યોગેન્દ્રસિંઘ ચૌહાણ ( પૃથ્વીરાજ ચૌહાણ પરંપરા ) સાથે તેમનાં વિવાહ થયા અને સંતાનમાં એક પુત્ર પરમસિંઘ છે.

અમેરિકાના Hantsville Alabama (હન્ત્સવિલે અલ્બામાં) આખો પરિવાર અત્યારે સ્થાઈ છે. અમેરિકા ગયા પછી ક્યારેય ભારત આવ્યા ન હતા. ઘણાં વર્ષોથી એમની ઈચ્છા હતી કે ભારતમાં એકદમ છેવાડાનાં પછાત વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોની સેવા કરવી. બરાબર તે જ સમયમાં જામનગરનાં પડોશી દ્વારા જાણવા મળ્યું કે, મૂળ સાવરકુંડલાનાં અને મુંબઈ વસતા હરેશભાઈ મહેતા અને તેમનાં મિત્રો વિદ્યાગુરૂ ફાઉન્ડેશનનાં નેજા નીચે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર નામની તમામ પ્રકારે, કોઈ પણ દર્દી પાસેથી એકપણ રૂપિયો ફી લીધા વગરની નિઃશુલ્ક હોસ્પિટલ અને એ પણ અદ્યતન સાધનો સુવિધાથી સભર શરૂ કરવા જઈ રહ્યા છે. એટલે તેઓ ખાસ અમેરિકાથી આ હોસ્પિટલના ઉદઘાટન સમારોહમાં આવ્યા અને આમિત્રોની નિસ્વાર્થ સેવા જોઈને અચંબામાં પડી ગયા. ત્યારે ને ત્યારે સંકલ્પ કર્યો કે, દર વર્ષે એક મહિનો આ હોસ્પિટલમાં તદ્દન ફ્રી ઓફ ચાર્જ દર્દીઓની સારવાર કરવી.પોતે સાયકોલોજીસ્ટ છે.તેમણે USAમાં અલબામાં પ્રોફેશનલ સાયકોલોજીકલ કાઉન્સિલર, સર્ટિફાઈડ એડવાન્સ આલ્કોહોલ અને ડ્રગસ કાઉન્સેલર, કલીનિકલ સાયકોલોજીમાં માસ્ટર ઓફ સાયન્સ,અલ્બામા યુનિ.USA જેવી અનેક ડીગ્રીઓ પ્રાપ્ત કરી છે.

આ ક્ષેત્રે છલ્લા ૧૮ વર્ષનો અનુભવ છે. કોઈપણ પ્રકારની દવા વગર માત્ર થેરાપીથી સારવાર કરે છે.

જામનગરમાં હસુબા અને બલભદ્રસીહનાં દીકરી રશ્મિબાનું પ્રાથમિક શિક્ષણ તો સેરાષ્ટ્ર જામનગર આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાપ્ત થયું. તેમના દાદાસાહેબ દોલતસિંહજીએ જમાનામાં કલેકટર હતા. પિતા રેલવેમાં હતા. સૌરાષ્ટ્ર યુનીવર્સિટીમાંથી બી.એ.વિથ સાયકોલોજી કરેલ.ત્યાં અમેરિકામાં પણ આશા કિરણ હોસ્પિટલમાં તદ્દન ફ્રી સારવાર કરે છે. ૨૦૧૫થી કોરોના કાળ સિવાય દર વર્ષે એક મહિનો નિયમિત રીતે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલામાં ખાસ સેવા કરવા એક પણ રૂપિયો ફી લીધા વગર આવે છે. અત્યંત ભાવાવેશમાં,ગદગદિત થઈને રશ્મિબા જાડેજા ચૌહાણ, ભીની આંખે કહે છે કે, જયારે હું USA થી ભારતઆવવા નીકળું છું ત્યારે મને મારા પિયર જતી હોય તેવું અને પરત જાવ ત્યારે સાસરે જતી હોય તેવું લાગે છે. આખું વરસ ઈન્ડિયા ફરીવાર આવવાના દિવસોની આતુરતા પૂર્વક રાહ જોવ છું. પ્રથમ વખત આવ્યા ત્યારે પોતાનાં સાવ નાની વયના દીકરા પરમસિંઘને એકલો છોડીને આવતા માં નો જીવ મહા મુસીબતે માન્યો હતો. રશ્મિબા કહે છે કે, કોઈપણ સંબંધને જાળવવાની ગુરૂ ચાવી છે. કમ્યુનિકેશન. સંવાદ વગર સંબંધો ગૂંચવાઈ જાય છે.

જીવનમાં આપણે કોણે કેટલાં જખમ આપ્યા તે જ યાદ કરી ને દુઃખી થઈએ છીએ. તેને બદલે જો કોણે આપણને સાથ, સહારો, મદદ કરી તે યાદ રાખીએ તો મન તંદુરસ્ત રહે. કયારેય હતાશા આવે નહિ. આટલા બધા વર્ષોથી સાવરકુંડલા નિયમિત દર વર્ષે આવતા હોવાથી અહી પણ એક ફેમિલીનું સર્જન થઈ ગયું છે.

જુદા જુદા દર્દીઓનાં સંપર્કથી જાણવા મળે કે આ પરિવારને શેની અંગત જરૂરિયાત છે, તો અહીથી અમેરિકા જાય ત્યારે યાદી બનાવતા જાય અને આવે ત્યારે આ તમામ માટે અઢળક વસ્તુઓ લેતા આવે, રોકડ સહાય પણ કરે. અત્યાર સુધીમાં નાનામાં નાના ૪ વર્ષ અને મોટામાં મોટા ૮૦ વરસ સુધીનાં પેશન્ટની સારવાર કરી છે. હવે રશ્મિબા જાડેજા ચૌહાણને મનમાં એવો સંકલ્પ થયો કે,'આટલી સરસ રીતે એકપણ રૂપિયો ફી લીધા વગર તમામ પ્રકારની દવા,સારવાર,ઓપરેશન કરવામાં આવે છે. અને પેશન્ટને દર્દી નારાયણ સિવાય કોઈ બીજો શબ્દ બોલતા નથી. સ્વ.લલ્લુભાઈ શેઠની કર્મભૂમિનું કેન્દ્ર એટલે તેમનું નિવાસસ્થાન ખાદી કાર્યાલય. અત્યારે પણ આ સ્થળ પોઝીટીવ વાયબ્રેશનથી ધબકી રહ્યું છે. ત્યારે અમારા ફેમિલીએ સમયનું દાન તો આપીએ જ છીએ, પણ સાથો સાથ ડોનેશન રૂપે કાંઈક રકમ પણ આપીએ અટલે અમને ૧૨ બેડની આઈ.સી.યું.બિલ્ડિંગ તૈયાર કરવામાં યોગદાન આપવાનો લાભ મળ્યો,

જેમાં અમે ૩૧ લાખ (એકત્રીસ લાખ) જેટલી રકમ દાનમાં આપી, અમે કોઈ ઉપકાર નહીં પણ આ માતૃભૂમિનું ઋણ અદા કર્યું છે અને હજી પણ ભવિષ્યમાં આ પ્રકારે સેવા કરવાનો મોકો મળશે તો અમારા જાડેજા – ચૌહાણ ફેમિલી હંમેશા તૈયાર જ છે.' તેઓ વધુમાં ખાસ કરીને વિદેશમાં વસતા ભારતીયોને કહેવા માંગે છે કે, તમે અવાર નવાર ઈન્ડિયા આવતા હોય, પરંતુ ૯૯% NRI ફકત ફરવાને મોજ શોખ કરવા આવે છે.

માત્ર એક ટકા લોકો આવી સંસ્થાઓમાં સેવા માટે આવે છે, અહીનાં લોકલ લોકો રજા કે રવિવાર હોય તો બસ એકજ બાબતની ચર્ચા કે કયાં ફરવા જવું કે કયાં જમવા જવું. આ પરિવારોએ મહિને એકાદ વખત રજાનો ઉપયોગ આવી સંસ્થામાં શ્રમસેવામાં પણ કરવો જોઈએ.અને એમાંથી જે આનંદ મળશે તે કયાંય પણ થી મળ શેનહી. પોતે જીવન પર્યન્ત આ આરોગ્ય મંદિરમાં ચાલી રહેલા મહા આરોગ્ય યજ્ઞમાં આહુતિ આપવા દર વર્ષે એક મહિનો આવશે જ.

## ૭ જૂન : વિશ્વ ખાદ્ય સલામતી દિવસ

### શુદ્ધ આહાર, સ્વસ્થ જીવનનો આધાર




વિશ્વનાં દેશોની સરકારો દરેક વ્યકિતને ખોરાક મળે અને કોઈ ભૂખ્યા ન રહે એ ઉદ્દેશ્યની ખાતરી કરવા અને સંયુકત રાષ્ટ્રની ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)ની ખાતરી કરવા માટે ૭ જૂને ''વર્લ્ડ ફૂડ સેફટી–ડે''ની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિશ્વની મોટી વસ્તી ગરીબી, ભૂખમરાનાં સંકટથી પ્રભાવિત છે અને આ સંકટનાં યુગમાં ઘણા લોકો બે વખતની રોટલી માટે સંઘર્ષ કરી રહ્યા છે. લોકો પોતાનું જીવન પહેલાની જેમ સ્થિર કરવા માટે મથી રહ્યા છે ત્યારે આ વિશેષ દિવસની ઉજવણીનો હેતુ સંતુલિત અને સુરક્ષિત ખોરાકનાં ધોરણો જાળવવા અને જાગૃતિ ફેલાવવાનો છે અને નબળા આહારનાં વપરાશને લીધે થતા રોગોથી થતાં મૃત્યુની સંખ્યાનો આંકડો ઓછો કરવાનો છે. ખાદ્ય સલામતી સુનિશ્ચિત કરે છે કે ખાદ્ય ઉત્પાદનથી લઈને પાક, પ્રક્રિયા, સંગ્રહ, વિતરણ, વપરાશ પહેલાંની તૈયારી સુધીનો દરેક તબક્કો સંપૂર્ણપણે સલામત છે.

આ જાગૃતિ માટે, ''વિશ્વ ફૂડ સેફટી–ડે'' નો તર્ક અને મહત્વ વધે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, દર વર્ષે ઘણા લોકો દૂષિત ખોરાક અથવા બેકટેરિયાવાળા ખોરાકથી બીમાર થાય છે. જે આંકડો કરોડોને પાર કરે છે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ રાજયો દ્વારા સ્વચ્છ પોષણયુકત આહાર પૂરા પાડવાના પ્રયત્નોના સંદર્ભમાં સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેકસ (SFSI)નો પ્રારંભ કર્યો છે. ઘણી ચીજવસ્તુ પર દર્શાવાતો ' એફએસએસએઆઈ માર્ક' એ તે પેકેટમાં રહેલો ખોરાક સુરક્ષિત છે તેમ દર્શાવે છે.

વર્તમાન સમયમાં ઘણા યુવાનો કે આધેડ વયના વ્યકિતઓને હાર્ટ એટેકનાં આવવાનાં કિસ્સા જોવા મળ્યા હતાં તેનું એક કારણ હાઈપર ટેન્શન કે ઓવર સ્ટ્રેસ તો હોય જ પરંતુ એની સાથે સાથે ખાવાની ખોટી આદતો પણ સમાયેલી છે. એક સંશોધન અનુસાર માણસ જયારે વધુ પડતા સ્ટ્રેસમાં હોય છે ત્યારે એનાં ટેસ્ટ બડ્સમાં વધુને વધુ જુદા જુદા પ્રકારનાં એન્ઝાઈમ ઉત્પન્ન થતાં હોય છે જે કાયમ જંક ફૂડની માંગણી કરતા હોય છે. તેનું કારણ માણસનાં શરીરમાં પહેલેથી જ જંક ફૂડથી બનેલા કોષો (સેલ્સ) હોય છે જે વધુને વધુ જંક ફૂડની માંગણીઓ કરતાં હોય છે. માસિક ધર્મનાં સમય દરમિયાન મોટા ભાગે સ્ત્રીઓની પણ આ અવસ્થા જોવા મળે છે. બીજું કારણ માંસાહાર ખાવાની આદત હોઈ શકે કારણ કે તે એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને અલ્કલાઈનની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતે આપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે. વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ–પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ , શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ–પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. ભારતમાં ગરીબી, બેરોજગારીનું પ્રમાણ વધુ છે. તેથી શુદ્ધ અને પોષણયુકત આહાર પ્રાપ્ત કરવો એ દરેક વ્યકિત માટે શકય નથી એવા સમયે આવા નીચી આવક ધરાવતા લોકોને શુદ્ધ આહાર અને પાણી મળી રહે તેનું ધ્યાન સરકાર સહીત તમામ ઉચ્ચ કે મધ્યમ વર્ગનાં લોકોએ પણ રાખવું જોઈએ.

શુદ્ધ આહાર, સ્વસ્થ જીવનનો આધાર
માંસાહાર, સર્વ નાશાહાર

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા

## અમરેલી ડીસ્ટ્રીકટ કોર્ટ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

### વિવિધ દેશી કુળનાં છોડનું વાવેતર કરાયું



અમરેલી, તા. ૬

ડીસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી ખાતે તા. ૫/૬/૨૦૨૩નાં રોજ વિશ્વ પર્યાવરણ દિવસની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં અધ્યક્ષ એમ.જે. પરાશર તથા ફૂલ ટાઈમ સેક્રેટરી આર.વાય. ત્રિવેદનાં માર્ગદર્શન હેઠળ વનવિભાગ અમરેલીનાં સહયોગથી ઉજવણી કરવમાં આવી હતી.

સદર ઉજવણીમાં એડીશનલ સેશન્સ જજ વાય.એ. ભાવસાર તથા ડી.એસ. શ્રીવાસ્તવ, ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ એન.જે. નાયી, સિનિયર સિવિલ જજ એમ.જે. સૈયદ, ડી.પી. ઓઝા, કે.એમ. વ્યાસ, સિવિલ જજ એલ.આઈ વાઘવા, એસ.એમ. પટેલ તથા બાર એસોસિએશન અમરેલીનાં પ્રમુખ તેમજ હોદ્દેદારો અને એલ.એ.ડી.સી. કચેરીનાં સ્ટાફએ હાજર રહી વિવિધ દેશી કુળનાં છોડનું વૃક્ષારોપણ કરેલ હતું. કાર્યક્રમને અંતે એડીશનલ સેશન્સ જજ વાય.એ. ભાવસારએ વૃક્ષોની માનવજીવન માટે અનિવાર્યતા અંગે સમજ આપી હતી.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં સ્ટાફ તથા ડીસ્ટ્રીકટ કોર્ટનાં સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.

## પાલોલ (આણંદ) ખાતે શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન



અમરેલી, તા.૬

પાલોલ (આણંદ) ના સ્વામિનારાયણ મંદિર ખાતે ખાતે શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ તકે શીતલ આઈસ્ક્રીમનાં ડિસ્ટ્રીબ્યુટર હિમેશભાઈ, એરીયા સેલ્સ મેનેજર જાબીરભાઈ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહયા હતા. તેવું શીતલનાં ફેન્ચાઈઝી હેડની નીરજભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## સાવરકુંડલા નોર્મલ રેન્જ તથા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી



વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે અહીં સાવરકુંડલા શહેર ખાતે પણ સાવરકુંડલા નોર્મલ રેન્જ તથા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા શહેર તેમજ તાલુકામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નોર્મલ રેન્જ સાવરકુંડલા, વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ અને અન્ય ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. સાવરકુંડલામાં આવેલ બંને ઘાસનાં ગોડાઉન, બાઢડા ગામે આવેલ ઘાસ ગોડાઉન તથા ધજડી માતાજી મંદિર તથા શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. આમ પર્યાવરણ બચાવનો શ્રેષ્ઠ વિકલ્પ વૃક્ષારોપણ છે એ સંદેશ લોકો સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવેલ. બદલતાં કલાઈમેટ ચેન્જ અને અણધારી કુદરતી આફતોથી બચવા માટે હવે કુદરત તરફ પરત ફરવાનો સમય પણ આવી ચૂકયો છે એ વાત જનજન સુધી પહોંચાડવા માટે હવે તમામે સાથે મળીને સહિયારો પ્રયાસ કરવો પડશે. પર્યાવરણની જાળવણી માટે સતર્કતા ઝૂંબેશને પણ હવે વધુ વેગ આપવો પડશે. આજે નહીં તો કયારેય નહીં એ સૂત્રને સાર્થક કરવા માટે વૃક્ષારોપણ અને પ્રકૃતિનું જતન કરવા માટે સમજ કેળવવી પડશે.

## લાયન નેચર ફાઉન્ડેશનનાં તાલુકા પ્રમુખ નાથાલાલ સુખડીયાની માંગ

# ચકકરગઢ ગામે થયેલ વૃક્ષ છેદન અને માટી ચોરીની તપાસ કરો

**ગામની જમીનમાં આવેલ ૧૫૦૦થી વધુ દેશી બાવળો અને અન્ય વૃક્ષોનું છેદન થયાનાં આધાર-પુરાવા રજૂ કર્યા**

**ગામની ગૌચર જમીનમાંથી વગર મંજૂરીએ માટીની ચોરી પણ કરવામાં આવી હોવાનું જણાવ્યું**

**સ્થાનિક શાસકોએ નીતિ નિયમો નેવે મુકીને સરકારી જમીન, પર્યાવરણને નુકસાન કર્યાનો આક્ષેપ**

**જિલ્લા કલેક્ટરને પત્ર પાઠવીને વિવિધ પુરાવા રજૂ કરીને તટસ્થ તપાસ કરવાની માંગ કરી**






અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર રીતે રેતી ચોરી, વૃક્ષછેદન અને માટી ચોરીની ઘટનાઓ છાશવારે બનતી હોય છે. તેમાંથી અમુક ઘટનાઓ પ્રકાશમાં આવતી હોય છે અને અમુક ઘટનાઓ હંમેશા માટે દબાઈ જતી હોય તેવા સમયે અમરેલીનાં ચકકરગઢ ગામેથી થયેલ ગેરકાયદેસર વૃક્ષ છેદન અને ગૌચરમાંથી માટી ચોરીની ઘટના સામે આવી છે.

લાયન નેચર ફાઉન્ડેશનનાં તાલુકા પ્રમુખ નાથાલાલ સુખડીયાએ કલેકટરને પત્ર પાઠવીને આધાર–પુરાવા રજૂ કરીને વૃક્ષછેદન અને માટી ચોરીની તપાસ કરવાની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીનાં ચકકરગઢ ગામનાં ખાતા નંબર ૬૭૦ સર્વે નંબર ૨૦૭, ૨૦૯/૨, ૨૦૯/૧ પૈકી, ૨૦૯/૩ પૈકી તથા ૨૦૫/૧ પૈકીની ગૌચરની જમીન

અનુસંધાન પાના ૬ ઉપર

---

### ધારી નજીક આવેલ

## વીરપુર ગામની સીમમાંથી અજાણ્યા વૃધ્ધ ભિક્ષુકનો મૃતદેહ મળી આવ્યો

**જંગલી જનાવરે વૃધ્ધને ફાડી ખાધાની આશંકા**

અમરેલી, તા. ૬

ધારી તાલુકાનાં વીરપુર ગામે આવેલ શ્રી ગોવિંદમ્ સેવા ટ્રસ્ટ સંચાલિત માનવ મંદિરનાં ગોવિંદભગત પ્રેમ પ્રકાશ સ્વામી સાધુ ૧૫ દિવસ પહેલા ગોંડલ રોડ ઉપરથી એક ૬૦ થી ૬૫ વર્ષનાં વૃધ્ધ ભિક્ષુકને સેવા કરવા સારૂ પોતાનાં માનવ મંદિર લઈ આવી રહ્યાં હતા. દરમિયાન આઠેક દિવસ પહેલ આ અજાણ્યા ભિક્ષુક કોઈને કહ્યા વગર માનવ મંદિરમાંથી જતાં રહ્યાં હતા ત્યારે ગઈકાલે વીરપુર ગામની સીમમાં આવેલ વાડીની વચ્ચેથી કોઈ કારણોસર જંગલી જનાવર ખાવાથી મરણ ગયા હોય તેમ ધારી પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

### બંધ બારણે ગ્રામસભા યોજવાનો કોઈ મત્તલબ નથી

## લીલીયામોટા ખાતે યોજાયેલ ગ્રામસભાની બહોળી જાણકારી જનતાજનાર્દનને આપવામાં ન આવી

**જિલ્લામાં ગ્રામસભા યોજવાની ઔપચારિકતા જ પૂર્ણ થઈ, જનપ્રશ્નોનું નિરાકરણ ન થયું**

લીલીયા મોટા, તા.૬

લીલીયા મોટા ખાતે ગઈકાલે ગ્રામપંચાયત કચેરીમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેની જાણ લીલીયા ગામમાં કોઈને પણ કરાયેલ નથી અને ભૂતકાળ માં પણ આ પ્રશ્ન ઉપજયો હતો ત્યારે નીતિન ડુંગરિયા ઘનશ્યામ બારીયા એડવોકેટ સંજય બગડા દ્વારા ભરપુર વિરોધ કરીને ગ્રામસભા જાહેરમાં યોજવા મજબુર કરેલ ત્યારે લીલીયામાં ગ્રામસભા હોય અને ગામના લોકોને ખબર ના હોય તો ગ્રામસભામાં કોઈ પણ પ્રશ્નનું નિરાકરણ કેવી રીતે થાય. અને ગ્રામસભાનો મહિમા એવો હોય છે. કે પંચાયત ધારામાં અલગથી જોગવાઈ આપેલી છે કે જે પ્રશ્નો ગામના લોકો રજુ કરે અને લીલીયાની જનતા અનેક અસુવિધાનો સામનો જેવી કે ગટરના ઉભરતા પાણીથી રોગ શાળો ફાટી નીકળવાનો ભય હાલ

અનુસંધાન પાના ૬ ઉપર

---

### અમરેલી નજીક આવેલ

## લાઠી બાયપાસ રોડ ઉપર ત્રિપલ અકસ્માત થતાં બાઈક ચાલકને ગંભીર ઈજા

**બ્રેઈન હેમરેજ થતાં રાજકોટ દવાખાને રીફર કરાયા**

અમરેલી, તા. ૬

અમરેલીમાં રહેતા રામજીભાઈ ગોરધનભાઈ હરસોરા નામના ઈસમ ગઈકાલે સવારે પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે. ૧૪ એમ. ૮૮૩૫ લઈ ચિતલ લઈ ચિતલ ગામે લુહારીકામ કરવા જતાં હતા ત્યારે તેઓ અમરેલીનાં લાઠી બાયપાસ ચોકડી પાસેથી પસાર થતાં હતા.

ત્યારે આરોપીએ પોતાના હવાલાવાળા ટ્રક નં. જી.જે. ૧૨ બી.વાય. ૫૮૮૧ને પુર ઝડપે ચલાવી લાઠી તરફથી આતી મીની બસ નં.જી.જે. ૧૪ ડબલ્યુ ૨૭૬ને ટક્કર મારતા આ મીની બસે રામજીભાઈ હરસોરા સાથે અથડાતાં તેઓ મોટર સાયકલ સાથે નીચે પડી જતાં ગંભીર ઈજા થતાં પ્રથમ અમરેલી વધુ સારવાર માટે રાજકોટ દવાખાને સારવાર અર્થે ખસેડાયેલ છે.

---

### અમરેલી શહેરમાં આવેલ

## કેરીયા રોડ બાયપાસ ચોકડી ઉપર પાણીપુરી ખાવા રોકાયેલ યુવકનાં મોબાઈલ ફોનની ચોરી

**પાણીપુરીની લારી ઉપર મુકેલ ફોન ચોરાય ગયો**

અમરેલી, તા. ૬

અમરેલીનાં બહારપરા વિસ્તારમાં રહેતા અને ડ્રાયવીંગનો વ્યવસાય કરતા ફીરોજભાઈ પીરૂભાઈ મુલતાની નામનાં ૩૨ વર્ષિય યુવકે તા. ૩નાં રોજ સાંજે અમરેલી નજીક કેરીયા રોડ ચોકડીએ પાણીપુરૂ ખાવા ઉભા હોય અને પાણીપુરીની લારી ઉપર મુકેલ મોબાઈલ ફોન કિંમત રૂા. ૪ હજારનો કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

---

### ચલાલા નજીક બન્યો બનાવ

## પરપ્રાંતિય યુવક ચલાલાથી વાડીએ જતાં ટ્રેકટર સાથે બાઈક અથડાવી દેતા મોત નિપજયું

**મૃતક બાઈક ચાલકે રોંગ સાઈડમાં આવી અકસ્માત કર્યો**

અમરેલી, તા. ૬

મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ ચલાલા નજીક વાડી વિસ્તારમાં રહેતા ગોવિંદભાઈ પેમાભાઈ ભામીયા નામનાં ૨૧ વર્ષિય યુવક ગઈકાલે રાત્રીનાં સમયે પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૧૪ એએન ૭૫૭૫ લઈ ચલાલા આંટો મારવા ગયેલ. ત્યારે ચલાલાથી પરત વાડીએ આવી રહ્યાં હતા ત્યારે રોંગ સાઈડમાં પોતાનું બાઈક ચલાવી ટ્રેકટર નં. જી.જે.–૧૪ બીએ ૭૩૪૨ સાથે અથડાવી દઈ ટ્રેકટર નીચે આવી જતાં યુવકનું મોત નિપજયાનું ચલાલા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### બાબરા પંથકમાં પવનચક્કીને લઈને માથાકુટ વધી

## નાની કુંડળ ગામે નવી દિલ્હીથી વીઝીટ માટે આવેલ અધિકારીઓ ઉપર જીવલેણ હુમલો

**ગઢડા પંથકનાં ૯ ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૬

નવી દિલ્હી ખાતે રહેતા અને ઈ.ડી.એફ રીન્યુબલ અનર્જી ઈન્ડિયા (પ્રા.લી. કંપનીમાં નોકરી કરતા કંવરજીતસિંધ ઠાકરસિંહ ચડ્ડા નામનાં અધિકારી તથા તેમનો સ્ટાફ ગત તા.૪ ના રોજ બાબરા તાલુકાનાં નાની કુંડળ ગામે આવેલ કંપનીનાં સબ સ્ટેશન ઉપર વિઝીટ કરવા માટે આવેલા ત્યારે અગાઉના મનદુઃખનાં કારણે બાબરા ગામે રહેતા રવી ગીડા નામનાં ઈસમે ગઢડા તાલુકાનાં રાયપર ગામે રહેતાં શિવકુભાઈ બહાદુરભાઈ ગોવાળીયા સહિત ૯ લોકોએ આ અધિકારીઓને નાની કુંડળ ગામનાં રસ્તા ઉપર આંતરી ગેરકાયદે મંડળી બનાવી લોખંડનાં પાઈપ, ફરસી, ધારીયુ, લાકડી જેવા ત્રણ ઘાતક હથિયારો લઈ અને કંપનીનાં અધિકારીઓ ઉપર જીવલેણ હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કરી દેતા હાથ–પગ ભાંગી નાંખી મરણતોલ માર માર્યાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

---

### અમરેલી શહેરમાં આવેલ

## લીલીયા રોડ ફાટક પાસે પશુ ભરેલ પીકઅપ વાનને પોલીસે ઝડપી લીધો


અમરેલી, તા. ૬

અમરેલીનાં બહારપરામાં રહેતા અક્રમભાઈ હાજીભાઈ સોલંકી નામનો ઈસમ પોતાના હવાલાવાળા પીક–અપ વાન નં. જી.જે. ૧૧ ટી ૧૧૭૮ કિંમત રૂા. ૬૦ હજારમાં ભેંસ વંશ પાડા નંગ–૩ કિંમત રૂા. ૯ હજારનાં ભરી અને અમરેલીનાં લીલીયા રોડ રેલ્વે ફાટક પાસેથી પાડાને ક્રૂરતાપૂર્વક બાંધી ગોંધી રાખી કતલખાને લઈ જવા માટે લઈને નીકળતાં અમરેલી સીટી પોલીસે તેમને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.









*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)